

# અનીસુલ અરવાહ

(મલ્ફૂઝાતે હઝરત ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہ)


સંપાદક :
હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી
સંજરી અજમેરી ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ

અનુવાદક :
પટેલ શબ્બીર અલી રઝવી (તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)



પ્રકાશક

અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા

GRWB/059/Bharuch/02 C/o. ફયૂઝાને રઝા મંઝિલ,
મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦, તા. જિ. ભરૂચ,
ફોન : (૦૨૬૪૨) (ઓફિસ) ૨૮૦૦૧૧, ૨૧૦૪૧૧
મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, Web.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com

| | | |
|---|---|---|
| પ્રકાશન નં.: ૧૯૦ | આવૃત્તિ–૨ | પ્રત : ૪૫૦૦ |
| ૧૧–રબીઉલઆખર | હિ.સ. ૧૪૩૩ | માર્ચ–૨૦૧૨ |

નૂરાની આર્ટ–દયાદરા મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧


# ખ્વાજાએ હિંદ رحمۃ اللہ علیہ

## વો દરબાર હૈ આ'લા તેરા

અઝ : હઝરત હસન રઝા બરેલ્વી رضی اللہ عنہ

ખ્વાજાએ હિંદ વોહ દરબાર હૈ આ'લા તેરા
કભી મેહરૂમ નહીં માંગનેવાલા તેરા

હૈ તેરી ઝાત અજબ બહ્‌રે હક઼ીક઼ત પ્યારે
કિસી તૈરાકને પાયા ન કિનારા તેરા

ગુલશને હિંદ કે શાદાબ કલેજે ઠંડે
વાહ રે ! અબ્રે કરમ રોઝ બરસના તેરા

તેરે ઝર્રે પે મઆસીકી ઘટા છાઈ હૈ
ઈસ તરફ ભી કભી ઐ મેહર હો જલ્વા તેરા

ફિર મુઝે અપના દરે પાક દિખા દે પ્યારે
આંખે પુરનૂર હોં ફિર દેખકે જલ્વા તેરા

ક્યૂં ન બગદાદ મેં જારી હો તેરા ચશ્મા એ ફૈઝ
બહ્‌રે બગદાદ હી કી નહેર હૈ દરયા તેરા

જબસે તૂને ક઼દમે ગ઼ૌષ લિયા હૈ સર પર
ઔલિયા સર પે ક઼દમ લેતે હૈં શાહા તેરા

મુહયુદ્દીન ગ઼ૌષ હંય ઔર ખ્વાજા મુઈનુદ્દીન
ઐ **'હસન'** ક્યૂં ન હો મેહફૂઝ અક઼ીદા તેરા

## અનુક્રમણિકા


| | |
|---|---|
| **(મજલિસ–૧)** ઈમાન વિશે | **05** |
| **(મજલિસ–૨)** મુનાજાતના વિશે | **08** |
| **(મજલિસ–૩)** શહેરોની તબાહી વિશે | **10** |
| **(મજલિસ–૪)** સ્ત્રીઓના આજ્ઞાપાલન તથા ગુલામ આઝાદ કરવા વિશે | **12** |
| **(મજલિસ–૫)** સદક઼ો આપવાની ફઝીલત | **18** |
| **(મજલિસ–૬)** શરાબનું હરામ હોવું તથા મુજાહિદા વિશે | **22** |
| **(મજલિસ–૭)** મુસલમાનોને રંજાડનારના વિશે ચર્ચા | **24** |
| **(મજલિસ–૮)** ગાળ ગલોચ કરનાર વિશે | **28** |
| લાલ દસ્તરખાન પર ખાવા વિશે | **28** |
| નબી કરીમ ﷺ તરફથી નામનો ખિતાબ | **29** |
| **(મજલિસ–૯)** રોજી તથા ધંધા વિશે | **31** |
| **(મજલિસ–૧૦)** મુસીબતના વિશે ચર્ચા | **33** |
| શોક માટે કાળો લિબાસ પહેરવો કેવો ? | **34** |
| પાણી પીવડાવવા તથા ખવડાવવાની ફઝીલત | **35** |
| પુત્રીઓને પ્યાર કરવાની ફઝીલત | **35** |
| **(મજલિસ–૧૧)** જાનવરને સળગાવનાર વિશે હુકમ | **36** |
| **(મજલિસ–૧૨)** સલામ કહેવાની ફઝીલત વિશે | **37** |
| **(મજલિસ–૧૩)** રાતમાં નમાઝ પઢવા વિશે | **38** |





| | |
|---|---|
| **(મજલિસ–૧૪)** સૂરએ ફાતિહા તથા સૂરએ ઈખ્લાસની ફઝીલત | **41** |
| **(મજલિસ–૧૫)** જન્નતીઓ વિશે વર્ણન | **42** |
| **(મજલિસ–૧૬)** મસ્જિદમાં જતાં આવતાં અઢળક નેકીઓ કમાઓ ! | **43** |
| **(મજલિસ–૧૭)** દુનિયા અને માલ જમા કરવા વિશે | **45** |
| બાળકો રડવાના કારણ વિશે | **46** |
| હસદ દિલથી કાઢોને જન્નતમાં જાવ ! | **46** |
| **(મજલિસ–૧૮)** છીંક ખાવાના વિશે | **47** |
| **(મજલિસ–૧૯)** અઝાનના વિશે ચર્ચા | **48** |
| હલાલ ખાવા તથા કુર્આન શરીફ પઢવા વિશે | **50** |
| **(મજલિસ–૨૦)** મો'મિન તથા પડોશી વિશે | **52** |
| **(મજલિસ : ૨૧)** મો'મિનની મદદમાં ખુદાની રઝામંદી | **53** |
| **(મજલિસ–૨૨)** ઈલ્મ, ઈમાન, ઈસ્લામના પ્રકારો | **54** |
| **(મજલિસ–૨૩)** મૌતને તથા નબીઓને યાદ કરવાની ફઝીલત | **56** |
| **(મજલિસ–૨૪)** મસ્જિદમાં રોશની કરવાની ફઝીલત | **57** |
| **(મજલિસ–૨૫)** દરવેશને ખવડાવવા વિશે | **58** |
| **(મજલિસ–૨૬)** ઘમંડમાં લાંબા પાયાચા રાખનારાને ચેતવણી | **59** |
| **(મજલિસ–૨૭)** આખર જમાનામાં આલિમની હાલત | **60** |
| **(મજલિસ–૨૮)** તૌબા વિશે ચર્ચા | **61** |

بسم الله الرحمن الرحيم

نَحۡمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِهِ الۡكَرِیۡمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَیۡكَ یَارَسُوۡلَ اللّٰهِ اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَیۡكَ یَا نَبِیَّ اللّٰهِ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَیۡكَ یَاحَبِیۡبَ اللّٰهِ اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَیۡكَ یَا نُوۡرَ اللّٰهِ
صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیۡكَ وَسَلَّمَ

***(મજલિસ-૧)***

## ઈમાન વિશે

પ્રથમ મજલિસમાં ઈમાનનું વર્ણન થયું. આપે (હઝરત ઉષ્માન હારૂની رحمة الله عليه એ) ઝબાન મુબારકથી ફર્માવ્યું કે અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی الله عنهما રિવાયત કરે છે કે પયગંબરે ખુદા صلی الله علیه وسلم એ ફર્માવ્યું, ''ઈમાન ઉઘાડુ છે અને તેનો લિબાસ પરહેઝગારી છે અને તેનું સિરહાનુ ફક્ર (ફકીરી) છે અને તેની દવા ઈલ્મ છે. અને આ વાતની ગવાહી **લાઈલાહ ઈલ્લલ્લાહુ મુહમ્મદુર્રસૂલુલ્લાહ** પર ઈમાન છે. અને આપે કહ્યું, હે મુસલમાનો ! ઈમાન વધઘટ નથી થઈ શકતું. અને જે શખ્સ ઈન્કાર કરે છે તે પોતે પોતાના પર જુલ્મ કરે છે.

પછી ફર્માવ્યું કે રસૂલુલ્લાહ صلی الله علیه وسلم ના માટે હુકમ આવ્યો કે જાવ ! કાફિરોથી જંગ કરો ત્યાં સુધી કે કહે, **લાઈલાહ ઈલ્લલ્લાહુ**





**મુહમ્મદુર્રસૂલુલ્લાહ** (નથી કોઈ મઅબૂદ એટલે પૂજ્ય-પૂજનીય-ઈબાદતને પાત્ર સિવાય અલ્લાહ અને મુહમ્મદ صلی الله علیه وسلم અલ્લાહના રસૂલ છે) જે નબી રસૂલે ખુદાએ કાફિરોથી જંગ કરી, તેમણે ગવાહી આપી કે ખુદા એક છે. પછી નમાઝનો હુકમ આપ્યો તેમણે કબૂલ કર્યો, પછી રોઝા, હજ્જ તથા ઝકાતનો હુકમ આપ્યો એ પણ તેમણે કબૂલ કર્યો અને મહાન ખુદા પર ઈમાન લાવ્યા.

પછી ફર્માવ્યું કે આ સર્વ વાતો ઈમાનને વારંવાર તાજુ કરવા માટે છે, પરંતુ રોઝાથી તથા નમાઝથી ઘટતુ વધતુ નથી, એટલા માટે કે જેણે નમાઝના કેવળ ફર્ઝોને જ અદા કર્યા હોય અને એમાં કોઈ પ્રકારની ઉણપ ન વર્તી તેના માટે ખુદા તઆલા હિસાબ આસાન કરી આપે છે અને જો ફર્ઝોમાં કોઈ પ્રકારની ઉણપ વર્તી હોય તો ખુદા તઆલા ફરિશ્તાઓને હુકમ આપે છે, કે, જુઓ ! તેણે કોઈ જાણીબુજીને નુકસાન નથી કર્યું અને ઈબાદત કરી છે તો ફર્ઝોના એવજ (બદલામાં) તેને ગણી લો. અને **જો તેણે ફર્ઝો પણ પૂર્ણ અદા નથી કર્યા** અને ન કોઈ નફ્લી ઈબાદત કરી હોય **તો તે દોઝખના લાયક** હોય છે એ શરતે કે ખુદાની રહમત તથા રસૂલુલ્લાહ صلی الله علیه وسلم ની શફાઅત ન હોય. પણ અહલે શરઅ (ઉલમા)નો કૌલ છે કે જે શખ્સ ફર્ઝનો મુન્કિર (નકારનાર) છે તે કાફિર છે. પણ ઈમાનની અસલિયતમાં વધઘટ નથી થતી.

પછી ફર્માવ્યું કે જે શખ્સ નમાઝ અદા નથી કરતો તે આ હદીષ : ''જે શખ્સે જાણી જોઈને નમાઝ ત્યજી દીધી તે કાફિર થઈ ગયો.'' (હનફીઓ નજીક કુફ્રની નજીક તદ્દન પહોંચી ગયો અને ઈમામ શાફઈની નજીક કત્લ કરવાને પાત્ર છે) હેઠળ કાફિર થઈ જાય છે.

પછી ફર્માવ્યું કે ખ્વાજા જુનૈદ બગદાદી رحمۃ اللہ علیہના ''ઉમદા''માં મેં લખેલું જોયું છે કે ખ્વાજા યુસુફ ચિશ્તીથી રિવાયત છે કે જ્યારે **અલસ્તુ બિરબ્બિકુમ** ''શું હું તમારો પરવરદિગાર નથી ?''નો અવાજ આવ્યો તો તે વખતે સર્વ મુસલમાન તથા કાફિરોની રૂહો એક જગાએ હતી, અવાજ આવતાં જ તેના ચાર પ્રકાર થઈ ગયા. **પ્રથમ પ્રકાર**ની રૂહો જ્યારે અવાજ સાંભળ્યો તો તે જ ઘડીએ સજદામાં પડી ગઈ અને દિલ તથા જીભ વડે કહ્યું, **કાલૂ બલા** ''તેમણે કહ્યું, હા !'' **બીજા પ્રકાર**ની રૂહોએ પણ સજદો કર્યો અને જીભ વડે કહ્યું, **કાલૂ બલા** પણ દિલથી ન કહ્યું. **ત્રીજા પ્રકાર**ની રૂહોએ દિલથી કહ્યું અને **ચોથા પ્રકાર**ની રૂહોએ ન દિલથી કહ્યું અને ન જીભ વડે કહ્યું.

પછી ખ્વાજા સાહબે એની તફસીલ આ પ્રમાણે વર્ણવી, **પ્રથમ પ્રકાર** : જેમણે સજદો કર્યો અને દિલ તથા જીભ વડે ઈકરાર (સ્વીકાર) કર્યો તેઓ નબી, અવલિયા તથા મો'મિન હતા. અને **બીજો પ્રકાર** : જેમણે જીભ વડે કહ્યું અને દિલથી ન કહ્યું તે એ મુસલમાનોનુ ગૃપ હતું જેઓ પહેલાં મુસલમાન હોય છે અને મૃત્યુ વેળા બેઈમાન થઈને દુનિયાથી જાય છે અને **ત્રીજો પ્રકાર** : જેમણે જીભ વડે ન કહ્યું પણ દિલથી કહ્યું તે એવા કાફિર છે જેઓ પહેલાં કાફિર હોય છે બાદમાં મુસલમાન થઈ જાય છે. પરંતુ **ચોથો પ્રકાર** : જેમણે ન દિલથી કહ્યું અને ન જીભ વડે તેઓ તે કાફિર હતા, જેઓ પહેલાં પણ કાફિર હોય છે અને બાદમાં પણ કાફિર જ થઈને દુનિયાથી ગુજરી જાય છે.

જ્યારે આ ફવાઈદને ખ્વાજા સાહબે ખત્મ કર્યા તો આપ યાદે ઈલાહીમાં મશ્ગૂલ થઈ ગયા અને દુઆગો પાછો ચાલ્યો આવ્યો. اَلْحَمْدُ لِلّٰہِ عَلٰی ذٰلِکَ





*(મજલિસ-૨)*

## મુનાજાતના વિશે

હઝરત આદમ علیہ السلامની મુનાજાત (દુઆ)ના બારામાં ચર્ચા ચાલી. ખ્વાજા (ઉષ્માન હારૂની) સાહબે ફર્માવ્યું કે મેં ખ્વાજા યુસુફ ચિશ્તી رحمۃ اللہ علیہની ઝબાની સાંભળ્યું છે. તેમણે કહ્યું કે મેં અબુલ લૈષ સમરકંદીની ફિકહમાં લખેલુ જોયું છે કે અલી ઈબ્ને અબી તાલિબ کرم اللہ تعالیٰ وجہہ الکریم રિવાયત કરે છે, فَتَلَقّٰٓی اٰدَمُ مِنْ رَّبِّہٖ کَلِمٰتٍ ''પછી આદમે પોતાના પરવરદિગારથી શીખી લીધી અમુક વાતો.'' આ તે સમય હતો જ્યારે હઝરત આદમ علیہ السلام બહિશ્તથી ભાગ્યા હતા. ખુદાવંદે તઆલાએ ફર્માવ્યું, હે આદમ ! શું તું મારાથી ભાગે છે ? અર્ઝ કરી કે, નહીં ! મારા પરવરદિગાર ! બલ્કે મને આ રુસ્વાઈના કારણે તારાથી શરમ આવે છે.

પછી **સૂર્યગ્રહણ** તથા **ચંદ્રગ્રહણ**ના બારામાં ચર્ચા થઈ. ખ્વાજા (ઉષ્માન હારૂની) સાહબે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما રિવાયત કરે છે કે એકવાર રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمના યુગમાં ચંદ્રગ્રહણ ઉપસ્થિત થયું. જ્યારે પયગંબરે ખુદાને એના બારામાં સવાલ કરવામાં આવ્યો તો આં હઝરત صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે, ''જ્યારે દુનિયાના બંદાઓના ગુનાહ ખૂબ વધી જાય છે અને ખૂબ જ ગુસ્તાખી કરે છે ત્યારે હુકમ થાય છે કે સૂર્યગ્રહણ તથા ચંદ્રગ્રહણ ઉદ્‌ભવ પામે, અને એમના ચહેરા કાળા કરવામાં આવે છે જેથી મખ્લૂક ઈબ્રત પકડે (સબક લે).'' પછી ફર્માવ્યું કે જ્યારે ચંદ્ર ગ્રહણ મુહર્રમના મહિનામાં થાય તો એ વરસે ખૂના મરકી તથા લડાઈઓ ઉપસ્થિત થાય છે અને જો માહે રબીઉલ અવ્વલમાં થાય તો એ વરસે દુકાળ તથા મૃત્યુ અધિક થશે, અને વરસાદ તથા હવા અધિક થશે. અને જો રબીઉલ આખરમાં થાય

તો બુઝુર્ગોની તબદીલી અને મુલ્કમાં ઝઘડા, તોફાનો ઉપસ્થિત થશે. અને જ્યારે જમાદીઉલ અવ્વલમાં ઉપસ્થિત થાય તો વીજળી તથા વરસાદ પુષ્કળ થશે અને અચાનક મૃત્યુઓ પુષ્કળ થશે. અને જો જમાદીઉલ આખરમાં થશે તો એ વરસે ફસલો ઉમદા થશે, મોંઘવારી થશે, અને લોકો એશ આરામથી જીવન જીવશે. અને જો રજબ મહિનમાં ઉપસ્થિત થાય અને મહિનાના પ્રારંભમાં જુમ્આનો દિવસ હોય તો એ વરસે ભૂખ તથા મુસીબતો ખૂબ જ નાઝિલ થશે અને આસ્માન પર કાળાશ ઉતરશે. અને જો શાબાનમાં ગ્રહણ થાય તો એ વરસે મખ્લૂક઼ની વચ્ચે સુલેહ તથા રાહત થશે. અને જો રમઝાન માસમાં થાય અને મહિનાનો શરૂ જુમ્આનો દિવસ હોય તો એ વરસે દુકાળ તથા મુસીબત નાઝિલ થશે અને આસ્માનથી ઘણો સખત અવાજ આવશે જેનાથી લોકો જાગી જશે અને ઉભેલા માણસો મોઢાંભેર ગબડી પડશે. અને જો શવ્વાલ માસમાં ગ્રહણ થાય તો એ વરસે પુરૂષોને ઘણી બીમારીઓ લાગુ થશે. અને જો ઝિલ હજ્જ માસમાં થાય તો તે વરસે બરકત રહેશે, અને એ વરસે હાજીઓનો માર્ગ કટ થશે. અને જો મુહર્રમ માસમાં ગ્રહણ થાય તો જાણવું જોઈએ કે આખુ વરસ લડાઈઓ ઉપસ્થિત થશે અને એકબીજાની ખામીઓ વર્ણન કરશે અને દુનિયાને છોડશે અને આખેરત વેરાન કરશે અને ક઼ૌલ તથા ક઼રાર (વાણી તથા વાયદા)માં મો'મિન નહીં રહે. તેઓ મુનાફિક઼ માલદારને બુઝુર્ગ ધારશે અને દુરવેશોને ઝલીલ ધારશે. તે વખતે ખુદાવંદે તઆલા તેમના પર મુસીબતો નાઝિલ કરશે જેથી તેમનો એશ આરામ ઉડી જાય. પછી ફર્માવ્યું કે જ્યારે એવી હાલત થાય તો મુસીબતોની રાહ જોવી જોઈએ. જ્યારે આ ફવાઈદને ખ્વાજા સાહબે ખત્મ કર્યા તો યાદે ઈલાહીમાં મશગૂલ થઈ ગયા અને દુઆગો (ગરીબ નવાઝ) પરત ચાલ્યો આવ્યો. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ





*(મજલિસ-૩)*

## શહેરોની તબાહી વિશે

શહેરોની તબાહીના બારામાં ચર્ચા ચાલી. (હઝરત ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہએ) ફર્માવ્યું કે આખરી જમાનામાં શહેર ગુનાહોની ખરાબીના સમયે બર્બાદ થઈ જશે. જેમ કે મેં ખ્વાજા યુસુફ ચિશ્તી رحمۃ اللہ علیہની ઝબાની સાંભળ્યું છે કે એકવાર હું સમરકંદની તરફ જઈ રહ્યો હતો તો મેં ખ્વાજા યહ્યા સમરકંદીની ઝબાની સાંભળ્યુ કે અમીરુલ મો'મિનીન હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ રિવાયત કરી છે કે આ આયત નાઝિલ થઈ :–

وَاِنۡ مِّنۡ قَرۡيَةٍ اِنۡ نَّحۡنُ مُهۡلِكُوۡهَا قَبۡلَ يَوۡمَ الۡقِيٰمَةِ اَوۡمُعَذِّبُوۡهَا
عَذَابًا شَدِيۡدًا كَانَ ذٰلِكَ فِى الۡكِتٰبِ مَسۡطُوۡرًا

"કોઈ શહેર એવું નથી જેના પર ક઼યામતથી પહેલાં અમે મુસીબત તથા અઝાબ તથા તબાહી નાઝિલ ન કરીએ, અને શહેર વિરાન ન થાય." અને પછી ફર્માવ્યું કે, આખરી જમાનામાં ગુનાહ પુષ્કળ પ્રમાણમાં થશે. મક્કાને હબ્શી લોકો વિરાન કરશે અને મદીના મુનવ્વરા દુકાળથી બર્બાદ થઈ જશે અને ભૂખના માર્યા મખ્લૂક઼ મૃત્યુ પામશે અને બસરા, ઈરાક તથા મશહદ શરાબખોરોના અમલોની ખરાબીના કારણે ખરાબ થશે. અને એ વરસે મુસીબત ખૂબ નાઝિલ થશે અને સ્ત્રીઓના બદઅમલોના કારણે પણ ખરાબ થશે. અને મુલ્કે શામ (સીરિયા) બાદશાહના જુલ્મના કારણે ખરાબ થશે. અને કરોળિયો આકાશેથી ઉતરશે અને રોમ પુષ્કળ સૃષ્ટિ વિરૂધ્ધ કૃત્યના કારણે તબાહ થશે. અને આકાશેથી હવા ચાલશે જેનાથી સર્વ માણસો સૂઈ જશે અને તબાહ થઈ જશે. અને ખુરાસાન તથા બલ્ખ વેપારીઓની ખયાનતના

કારણે વેરાન થઈ જશે અને મુસલમાન તેની ખરાબીના કારણે મુરદાર થઈ જશે.

ત્યારબાદ ફર્માવ્યું કે મેં ખ્વાજા મૌદૂદ ચિશ્તી رحمۃ اللہ علیہની ઝબાની સાંભળ્યું છે કે ખ્વારઝમ અને તેની આસપાસ અમુક શહેરો આવેલાં છે તે રંગ રાગ તથા મના કરેલ બાબતોના કારણે ખરાબ થશે અને એકબીજાને બર્બાદ કરશે અને પોતે પણ નષ્ટ થઈ જશે. સીવિસ્તાન સખત મુસીબતો, અંધકારો તથા ધરતીકંપોથી ટુકડે ટુકડા થઈ જશે, અને જે જમીનમાં રહેતા હશે તે નસ્તો નાબૂદ થઈ જશે. પરંતુ મિસ્ર તથા અન્ય શહેરોની ખરાબીનું એ કારણ હશે કે આખર જમાનામાં સ્ત્રીઓને કત્લ કરશે અને કહેશે આ ફાતિમા છે. એમના મોંમાં ધૂળ ! પછી અલ્લાહ તઆલા તેમને જમીનમાં ગર્ક કરી દેશે અને સિંધ તથા હિંદુસ્તાન પણ વિરાન થઈ જશે, પછી ફર્માવ્યું કે ઝિના તથા શરાબખોરીના સબબે વેરાન થઈ જશે. પછી ફર્માવ્યું કે પૂર્વ કે પશ્ચિમમાં જે શહેર છે સૌથી ફસાદોની બલા હિંદમાં પડશે.

પછી ફર્માવ્યું કે જ્યારે શહેરો આવી રીતે ખરાબ થશે તો મેહદી જાહેર થશે અને પૂર્વથી પશ્ચિમ સુધી એમના ન્યાયની ધૂમ મચી જશે અને હઝરત ઈસા علیہ السلام આસ્માનથી નીચે ઉતરશે અને એ બંનેવને મુસલમાની હદ ઉપરાંત પ્રિય હશે અને એ વખતે દિવસ ખૂબ જ ટૂંકા હશે જેમ કે એક દિવસમાં એક નમાઝ અદા થશે .

પછી ફર્માવ્યું કે મેં ખ્વાજા હાજી رحمۃ اللہ علیہની ઝબાની સાંભળ્યું છે કે એમના યુગમાં વરસ મહિનાઓ જેમ અને મહિના અઠવાડિયાં જેમ અને અઠવાડિયાં દિવસો જેમ હશે અને દિવસ એક વખતમાં પસાર થઈ જશે. ખ્વાજા સાહબે અશ્રુમય આંખે ફર્માવ્યું કે હે દરવેશ ! માણસે જોઈએ કે આ જ (હાલમાં) સાલ તથા





મહિનાઓને તે સાલ તથા મહિના ખયાલ કરવા જોઈએ, કેમ કે આ જ દિવસો શરૂઆતના દિવસ છે. રસૂલલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે મારા બાદ કૂતરીનાં બચ્ચાં પેદા થશે ન કે માનવીનાં. હવે ખૂદ લોકો કયાસ કરે કેમ કે લાંબો સમય ગુજરી ચૂક્યો છે. જેવા ખ્વાજા સાહબે આ ફવાઈદ ખત્મ કર્યા આપ યાદે ઈલાહીમાં મશગૂલ થઈ ગયા અને દુઆગો પરત ચાલ્યો આવ્યો. اَلْحَمْدُ لِلّٰہِ عَلٰی ذٰلِکَ

*(મજલિસ-૪)*

## સ્ત્રીઓના આજ્ઞાપાલન તથા ગુલામ આઝાદ કરવા વિશે

સ્ત્રીઓના આજ્ઞાપાલનના બારામાં ચર્ચા થઈ રહી હતી. આપે (હઝરત ઉષ્માન હારૂનીએ) ફર્માવ્યું, કે અમીરુલ મો'મિનીન હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ ફર્માવ્યું કે મેં સરવરે કાઈનાત صلی اللہ علیہ وسلمની ઝબાન મુબારકથી સાંભળ્યું કે, **"જે સ્ત્રી પોતાના પતિનું આજ્ઞાપાલન કરે છે તે ફાતિમા ઝહરા સાથે જન્નતમાં દાખલ થશે."** ત્યારબાદ ફર્માવ્યું કે જે સ્ત્રીને પતિ બિસ્તર પર બોલાવે અને તેણી ન આવે તો તેની સર્વ કરેલી નેકીઓ દૂર થઈ જાય છે અને તેણી એવી સાફ રહી જાય છે જેમ કે સાપ કાંચલી ઉતારીને હોય. અને તેના પતિના તરફથી તેના જિમ્મે એટલા પ્રમાણમાં બુરાઈઓ (ગુનાહો) થઈ જાય છે જેટલી કે જંગલ (રણ)ની રેતી હોય છે, અને **જો તે સ્ત્રી મૃત્યુ પામે અને પતિ તેનાથી રાજી ન હોય તો તેણીના માટે દોઝખના સાતેવ દરવાજા ખુલી જાય છે.** અને **જે સ્ત્રીથી પતિ રાજી હોય અને સ્ત્રી મૃત્યુ પામે તો તેણીના માટે જન્નતના સિત્તેર દરજ્જા નિશ્ચિત થાય છે.**

પછી ફર્માવ્યું કે મેં 'તમ્બીહ'માં લખેલું જોયું છે કે : "**જે પત્ની પતિ સાથે કટુ વર્તાવથી વર્તે અને તેના તરફ ન જુએ તો તેના આમાલનામામાં આસ્માનના તારાઓ બરાબર ગુનાહ લખવામાં આવે છે.**" પછી ફર્માવ્યું કે, "જો પતિની નાકના એક નસકોરાથી લોહી વહેવા લાગે અને બીજાથી લીંટ, અને પત્ની તેની જીભ વડે સાફ કરે તો પણ પતિનો હક્ક અદા નથી થતો."તો હે દુરવેશ ! **"જો ખુદા સિવાય કોઈને સિજદો કરવો જાઈઝ હોત તો રસૂલુલ્લાહ ﷺ હુકમ ફર્માવતા કે સ્ત્રીઓ પોતાના પતિઓને સિજદો કરે."**

પછી ગુલામ આઝાદ કરવાના બારામાં ચર્ચા ચાલી એ અરસામાં એક દુરવેશ આવ્યા અને આદાબ બજાવી લાવીને જે ગુલામ તેમની સાથે હતો તેને ખ્વાજા સાહબની રૂબરૂ આઝાદ કરી આપ્યો. ખ્વાજા સાહબે દુઆએ ખૈર કરી પછી ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે શખ્સ ગુલામ આઝાદ કરે છે તેના શરીરની દરેક રગના બદલામાં તે શખ્સને પયગંબરીનો સવાબ મળે છે અને દુનિયાથી બહાર જતાં પહેલાં જ તેના નાના મોટા ગુનાહોને ખુદાવંદે તઆલા બખ્શી આપે છે. અને તેના શરીર પર જેટલા વાળ છે , દરેક વાળના બદલામાં એક શહેર જન્નતમાં તેના નામનું બને છે અને તેની દરેક રગના બદલામાં એને નૂર આપે છે અને તેના પર પુલસિરાત આસાન થાય છે અને આસ્માન પર તેનું નામ અવલિયામાં ગણના પામે છે."

પછી ફર્માવ્યું કે એક દિવસે રસૂલુલ્લાહ ﷺ બેઠેલા હતા અને સહાબા પણ આપની ખિદમતમાં હાજર હતા. અમીરુલ મોમિનીન હઝરત અબૂબક્ર સિદીક رضی اللہ عنہ ઉઠયા અને અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! મારી પાસે ચાલીસ ગુલામ છે મેં વીસ ગુલામ





ખુદા તઆલાની રઝામંદીના માટે આઝાદ કર્યા. રસૂલુલ્લાહ ﷺએ દુઆએ ખૈર કરી એટલામાં હઝરત જિબ્રઈલ علیہ السلامનાઝિલ થયા અને કહ્યું કે, "યા રસૂલલ્લાહ ! ﷺ અલ્લાહનો હુકમ એ છે કે અબૂબક્ર رضی اللہ عنہના શરીર પર જેટલા વાળ છે, આપની ઉમ્મતમાંથી એટલા પ્રમાણમાં માણસોને અમે દોઝખની આગથી મુક્ત કર્યા અને એટલા જ પ્રમાણમાં સવાબ અબૂબક્ર رضی اللہ عنہએ હાંસલ કર્યો."

ત્યાર બાદ ફર્માવ્યું કે, અમીરુલ મોમિનીન ઉમર رضی اللہ عنہ ઉઠીને આદાબ બજાવી લાવ્યા અને અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! ﷺ મારી પાસે ૩૦ ગુલામ છે એમાંથી પંદર હું અલ્લાહને રાજી કરવા તેની રાહમાં આઝાદ કરુ છું. રસૂલુલ્લાહ ﷺએ દુઆએ ખૈર કરી એટલામાં હઝરત જિબ્રઈલ علیہ السلام ફરી ઉતર્યા અને કહ્યું, યા રસૂલલ્લાહ ! અલ્લાહનું ફર્માન આ પ્રમાણે છે કે, જેટલી સંખ્યામાં રગો તે ગુલામોના શરીરમાં છે તેનાથી પચાસ ગણા માણસો આપની ઉમ્મતમાંથી દોઝખની આગથી મુક્ત કર્યા અને એટલા પ્રમાણેનો સવાબ હઝરત ઉમર رضی اللہ عنہને અર્પણ થયો.

એના પછી ફર્માવ્યું કે અમીરુલ મોમિનીન હઝરત ઉષ્માન رضی اللہ عنہ ઉઠીને આદાબ બજાવી લાવ્યા અને અર્ઝ કરી કે મારી પાસે ઘણા બધા ગુલામો છે એમાંથી ૧૦૦ ગુલામ અલ્લાહની રાહમાં આઝાદ કર્યા. રસૂલુલ્લાહ ﷺએ દુઆએ ખૈર કરી અને હઝરત જિબ્રઈલ علیہ السلامએ આવીને હુક્મે ઈલાહી આ પ્રમાણે વર્ણવ્યો કે યા રસૂલલ્લાહ ! ﷺ જેટલી રગો તે ગુલામોના શરીરમાં છે એનાથી સો ગણા માણસો આપની ઉમ્મતના બખ્શવામાં આવ્યા, અને એટલો સવાબ હઝરત ઉષ્માન رضی اللہ عنہને અતા થયો.

ત્યારબાદ ફર્માવ્યું કે અમીરુલ મોમિનીન હઝરત અલી كرم الله وجهه الكريم ઉઠયા અને આદબ બજાવી લાવ્યા અને અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! મારી પાસે દુનિયાની કોઈ ચીજ નથી, મારી પાસે જાન છે જેને ખુદા પર મેં કુર્બાન કરી. એ જ વાતો થઈ રહી હતી એવામાં હઝરત જિબ્રઈલ عليه السلام હાજર થયા અને કહ્યું, યા રસૂલલ્લાહ ! صلى الله عليه وسلم ફર્માને ઈલાહી એ છે કે અમારા અલી كرم الله وجهه الكريمની પાસે દુનિયાની કોઈ ચીજ નથી, અમે દુનિયામાં અઢાર હજાર આલમ પેદા કર્યા છે, તારી તથા અલીની રઝામંદી માટે અમે દરેક આલમમાંથી દસ હજારને દોઝખની આગથી નજાત બખ્શી.

પછી ફર્માવ્યું કે ખ્વાજા યુસુફ ચિશ્તીનો તરીક઼ો હતો કે જે બુઝુર્ગ ખ્વાજા સાહબની ખિદમતમાં આવતા એક ગુલામ આપની ખિદમતમાં પેશ કરતા અને ખ્વાજા સાહબ તેને ક઼બૂલ કરીને ફર્માવતા કે એને આઝાદ કર, કદાચ ક઼યામતના દિવસે હું તથા તું એના સબબે દોઝખની આગથી બચી જઈએ.

પછી ફર્માવ્યું કે જે દિવસે ખ્વાજા ઈબ્રાહીમ رحمة الله عليهએ તૌબા કરી તો જેટલા પ્રમાણમાં આપની પાસે ગુલામ હતા પોતાની સામે સૌને આઝાદ કર્યા અને **હજ્જના માટે રવાના થયા. અને પગપાળા દરેક ડગલા પર બે રકાત નમાઝ અદા કરતા કરતા ૧૪ વરસના અરસામાં ખાનાએ કાબા પહોંચ્યા** તો શું જુએ છે કે કાબા પોતાના સ્થાને નથી ! આપને આશ્ચર્ય થયું તો અવાજ આવ્યો કે, હે ઈબ્રાહીમ ! સબ્ર કર, કા'બા એક વૃધ્ધાની ઝિયારતના માટે ગયો છે, હમણા આવી જશે. જેવી ખ્વાજા સાહબે આ વાત સાંભળી તો આપ પહેલાં કરતાં અધિક આશ્ચર્યમાં પડી ગયા, અને કહ્યું કે એ વૃધ્ધા કોણ છે ? જેથી તેણીને જોવા માટે





રવાના થયા કે જઈને જોઉં તો ખરો ! જેવા જંગલમાં પહોંચ્યા તો રાબિઆ બસરીને જોયાં કે બેઠેલાં છે અને કાબા તેમની આસપાસ તવાફ કરી રહ્યો છે. ઈબ્રાહીમ رحمة الله عليهના દિલમાં ગૈરત આવી જેથી તેમણે રાબિઆ બસરીને જોરથી અવાજ આપ્યો કે તેં આ શું શોર મચાવી રાખ્યો છે ?! તેમણે કહ્યું, મેં આ શોર નથી મચાવ્યો બલ્કે તેં કર્યો છે ! કે ૧૪ વરસો પછી તું ખાનાએ કા'બા પહોંચ્યો અને દીદાર નસીબ નથી થયો, કેમ કે તારી ખ્વાહિશ ખાનાએ કા'બાની ઝિયારતની હતી અને મારી ખ્વાહિશ ખાનાએ કા'બાના માલિકથી હતી. પછી ફર્માવ્યું કે હે દુરવેશ ! **તે મુર્દા છે કે ખુદાવંદે તઆલા સિવાય કોઈ ચીજને લક્ષમાં રાખે અને દુનિયા તથા આખેરતમાં ગુમ ન થાય.** અને જે કાંઈ તેની પાસે છે એના તરફ નિગાહ ન કરે. જ્યારે માણસ આ મર્તબા પર પહોંચી જાય છે તો જે કાંઈ તેના દોસ્તની માલિકીમાં હોય છે તે એની થઈ જાય છે,કાબા તેની આસપાસ તવાફ કરે છે અને એનો દામન નથી છોડતો. તો હે દુરવેશ ! એ જ મક઼ામ પર ચિંતન કર કે જ્યારે સૈયદે આલમ صلى الله عليه وسلم ખુદાવંદે તઆલાના બની ગયા તો ખુદાવંદે તઆલા સૈયદે આલમ صلى الله عليه وسلمનો બની ગયો અને દરમ્યાનમાં કોઈ ચીજ આડ ન રહી. તો અવાજ આવ્યો કે **લાઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ** જેવો કે આ મામલો જે કાંઈ આસ્માનથી લઈને જમીન સુધી દુનિયા તથા આખેરતમાં છે તે સૌએ જોયો તો ફરિશ્તા, ઈન્સાન, જિન વગેરેએ, તો સૌએ પોત પોતાને તુફૈલ ખયાલ કરીને આં જનાબ صلى الله عليه وسلمનો દામન પકડયો અને અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! صلى الله عليه وسلم ક઼યામતના દિવસે અમને છોડી આપશો નહીં અને તમારી શફાઅતથી વંચિત ન રાખશો.

પછી ફર્માવ્યું, હે દુરવેશ ! તને યાદ રહે કે જ્યારે માણસ દોસ્ત

બની જાય છે તો સર્વ ચીજો એની બની જાય છે, પણ મર્દે જોઈએ કે સર્વ મૌજૂદાતથી પરવારીને દોસ્તની તરફ મશ્ગૂલ રહે જેથી જે કાંઈ દોસ્તનું છે તે એની પયરવી (અનુસરણ) કરે.

પછી ફર્માવ્યું, હે દુરવેશ ! એકવાર હું સીવિસ્તાનની તરફ સફરમાં હતો તો સીવિસ્તાન માં એક ગુફાની અંદર એક દુરવેશને જોયો જેને શયખ સીવિસ્તાની કહ્યા કરતા હતા. પરંતુ તે વૃદ્ધ એટલા પ્રમાણમાં બુઝુર્ગી તથા પ્રભાવ ધરાવતો હતો કે મેં આજ સુધી કોઈને નથી જોયો, તે આલમે તેહરીરમાં મશ્ગૂલ હતો. જ્યારે હું તેની પાસે ગયો તો મેં માથુ નમાવી લીધું. તે બુઝુર્ગે ફર્માવ્યું, માથુ ઉઠાવ ! મેં માથુ ઉઠાવ્યું, તો ફર્માવ્યું, હે દુરવેશ ! આજે લગભગ ૭૦ વરસનો અરસો ગુજર્યો છે કે ખુદા સિવાય કોઈ ચીજમાં મશ્ગૂલ નથી થયો, પરંતુ તારી સાથે જે હું મશ્ગૂલ થાઉં છું એ ખુદાનો હુકમ છે, સાંભળ ! જો તું મહોબ્બતનો દાવો કરે છે તો એના સિવાય કોઈ અન્ય ચીજમાં મશ્ગૂલ ન થતો અને કોઈની સાથે મેલજોલ ન કરતો જેથી કરીને તને સળગાવવામાં ન આવે, કેમ કે ગૈરત (શરમ)ની આગ આશિકોની આસપાસ રહે છે. જ્યારે આશિકે માશૂક સિવાય કોઈ અન્ય ચીજનો ખયાલ કર્યો એ જ ઘડીએ ગૈરતની આગે તેને સળગાવ્યો. પરંતુ તને યાદ રહે કે મહોબ્બતના માર્ગમાં જે ઝાડ છે તેની બે ડાળીઓ છે એકને "નરગીસે વિસાલ" કહે છે અને બીજીને "નરગીસે ફિરાક" કહે છે. તો જે વ્યક્તિ સૌથી પરવારીને દોસ્તમાં મશ્ગૂલ થાય તે દોસ્તના વિસાલ (મુલાકાત)ની દૌલતથી માલામાલ થાય છે અને જે એના સિવાય કોઈ અન્ય ચીજની લાલચ ધરાવે છે તે વિરહ (ફિરાક)માં વ્યસ્ત થઈ જાય છે. જેવી તે બુઝુર્ગે એ વાતને ખત્મ કરી, ફર્માવ્યું કે જાવ ! તેં મને કામમાં રાખ્યો, આટલું કહીને તે યાદે ઈલાહીમાં





મશ્ગૂલ થઈ ગયા અને દુઆગો પરત ચાલ્યો આવ્યો. પછી ફર્માવ્યું, હે દુરવેશ ! આપણે ગુલામ આઝાદ કરવાના બારામાં ચર્ચા કરી રહ્યા હતા. રસૂલે ખુદા ﷺએ ફર્માવ્યું છે કે, "જે શખ્સ ગુલામ આઝાદ કરે છે તે દુનિયાથી બહાર જતાં પહેલાં જ પોતાનું ઠેકાણુ જન્નતમાં જોઈ લે છે. અને સકરાંતના સમયે ફરિશ્તો એને જન્નતની ખુશખબરી આપે છે." પછી ફર્માવ્યું કે મેં ખ્વાજા મુહમ્મદ ચિશ્તી رحمۃ اللہ علیہની ઝબાની સાંભળ્યું છે કે, "જે શખ્સ ગુલામ આઝાદ કરે છે તે દુનિયાથી વિદાય થતાં પહેલાં જ જન્નતની શરાબ પીએ છે અને સકરાંતનો અઝાબ તેના પર આસાન થઈ જાય છે અને કયામતના દિવસે અર્શના સાયા નીચે હશે અને વિના હિસાબે જન્નતમાં દાખલ થશે." જેવા ખ્વાજા સાહબે આ ફવાઈદ ખત્મ કર્યા તેવા જ આપ યાદે ઈલાહીમાં વ્યસ્ત થઈ ગયા, અને દુઆગો (ખ્વાજા ગરીબ નવાઝ) પરત ચાલ્યો આવ્યો. اَلحَمۡدُ اللهِ عَلٰی ذٰلِكَએ વાત પર ખુદાનો શુક્ર છે.

*(મજલિસ-૫)*

## સદકો આપવાની ફઝીલત

હઝરત ખ્વાજા ગરીબનવાઝ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે સદકાના બારામાં ચર્ચા શરૂ થઈ. આપે (હઝરત ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہએ) ઝબાન મુબારકથી ફર્માવ્યું કે ખ્વાજા સાહબ યૂસુફ ચિશ્તી رحمۃ اللہ علیہના ફતાવામાં મેં લખેલું જોયું કે અબૂ હુરૈરહ رضی اللہ عنہ રિવાયત કરે છે કે મેં રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં અર્ઝ કરી કે, "સર્વ અમલોથી સારો અમલ કયો છે ?" તો આં હઝરત ﷺએ ફર્માવ્યું કે, "સદકો આપવો દોઝખની આગના માટે પર્દો બને છે." પછી ફર્માવ્યું કે એકવાર આં હઝરત ﷺને પૂછવામાં

આવ્યું કે, "સદકા પછી બીજા દરજાએ કયો નેક અમલ છે ?" આપે ફર્માવ્યું, "કુર્આનને પઢવું." પછી ફર્માવ્યું કે અબ્દુલ્લાહ ઈબ્ને મુબારકે કહ્યું કે મેં સિત્તેર વરસો સુધી મારા નફ્સ સાથે મુજાહિદો કર્યો છે. મને જણાયું કે મેં ખૂબ મુસીબતો ઉઠાવી છે પરંતુ બારગાહે ઈલાહીનો દરવાજો નથી ખુલ્યો. જેવો મેં મારા પ્રતિ વિચાર કર્યો અને જે માલ મારી માલિકીમાં હતો તે સર્વ ખુદાની રાહમાં ખર્ચી કાઢયો તો દોસ્ત એટલે ખુદા મારો બની ગયો અને જે દોસ્તની મિલ્કત હતી તે સર્વ મારી મિલ્કત બની ગઈ.

પછી ફર્માવ્યું કે ઈબ્રાહીમ અદહમ رحمۃ اللہ علیہ એ "આષારે અવલિયા"માં લખ્યું છે કે, "એક દિરહમ સદકો આપવો એક વરસની ઈબાદતથી બેહતર છે, જેમાં દિવસમાં રોઝા રાખવામાં આવે અને રાત્રે ઉભા રહીને ઈબાદત કરવામાં આવે." પછી ફર્માવ્યું કે જે દિવસે અમીરુલ મો'મિનીન હઝરત અબૂબક્ર સિદીકે એંસી હજાર દીનાર ખુદાની રાહમાં ખર્ચ કર્યા અને ગોદડી પહેરીને સૈયદે આલમ ﷺની ખિદમતમાં હાજર થયા તો આં જનાબે પૂછયું, હે અબૂબક્ર ! દુનિયાવી ઝખીરામાંથી કાંઈ બાકી રાખ્યું છે ? આપે અર્ઝ કરી કે, "યા રસૂલલ્લાહ ! ﷺ ખુદા તથા રસૂલ !" એટલે કે ખુદા અને તેનો રસૂલ પૂરતા છે. જેવું કે અબૂબક્રએ આ પ્રમાણે કહ્યું તરત જ હઝરત જિબ્રઈલ علیہ السلام સિત્તેર હજાર મુકર્રબ ફરિશતાઓની સાથે ગોદડી પહેરીને નાઝિલ થયા અને સલામ બાદ અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! ﷺ અલ્લાહનો હુકમ એ પ્રમાણેનો છે કે આજે અબૂબક્રએ અમારી રાહમાં પોતાનો માલ ખર્ચ કર્યો છે એને અમારા સલામ આપો અને કહો કે તેં તે કામ કર્યું જેમાં અમારી રઝા હતી અને અમે તે





કરીએ છીએ જેમાં તારી રઝા છે, અને મુહમ્મદ (ﷺ) તથા તમામ ફરિશતાઓને હુકમ આપો કે અબૂબક્રની માફક કરવા માટે સૌ ગોદડી પહેરે, કેમ કે કયામતના દિવસે ગોદડી પહેરાનારાઓને અબૂબક્રની ગોદડીના સદકામાં અમે બખ્શી દઈશું.

પછી ફર્માવ્યું કે એકવાર અમીરુલ મો'મિનીન હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ પૂછયું કે યા રસૂલલ્લાહ ! ﷺ કુર્આન શરીફ પઢવું બેહતર છે કે સદકો આપવું ? તો આં હઝરત ﷺએ ફર્માવ્યું કે સદકો આપવો બેહતર છે કેમ કે સદકો દોઝખની આગથી બચાવે છે. પછી ફર્માવ્યું કે, એકવાર એક યહૂદી રસ્તામાં ઊભો રહીને એક કૂતરાને રોટલીનો ટુકડો ખવડાવી રહ્યો હતો તો સંજોગોવસાત ખ્વાજા હસન બસરી رحمۃ اللہ علیہ ત્યાંથી પસાર થયા. આપે તેને પૂછયું કે તારો છે કે પરાયો ? તેણે કહ્યું કે પરાયા મર્દનો છે. આપે કહ્યું, જ્યારે આ હાલત છે તો તું શું કરે છે ? કેમ કે એ કબૂલ નથી. તેણે કહ્યું કે જો એ કબૂલ નથી તેમ છતાં પણ તે (ખુદા) તો જુએ છે કે હું શું કરી રહ્યો છું. કેટલાક અરસા પછી હઝરત ખ્વાજા હસન બસરી رحمۃ اللہ علیہ મક્કા મોઅઝ્ઝમામાં પહોંચ્યા તો પરનાલાની નીચેથી અવાજ આવ્યો કે, રબ્બી ! (એટલે હે મારા રબ !) પછી ગયબથી અવાજ આવ્યો કે "લબ્બૈક અબ્દી" (હે મારા બંદા ! હું હાજર છું !) ખ્વાજા હસન બસરી આશ્ચર્યમાં પડી ગયા કે ચાલીને જોઉં તો ખરો કે તે કેવો નેકબખ્ત બંદો છે ! જેવા આપ ત્યાં પહોંચ્યા તો શું જુએ છે કે એક શખ્સ સજદામાં માથુ રાખીને રબ્બી ! (હે મારા રબ !) પુકારે છે. આપ થોડીવાર ત્યાં રોકાયા એટલામાં એ શખ્સે માથુ ઉઠાવ્યું અને ખ્વાજા હસન બસરીને કહ્યું, શું તું મને ઓળખે છે ? ખ્વાજા સાહબે કહ્યું, નહીં ! તેણે કહ્યું, હું તે જ માણસ

છું જેને તું કહેતો હતો કે તારી નેકી કબૂલ નથી ! જોયું ! મારી ચીજને તેણે કબૂલ કરી લીધી (ઈમાનવાળો બનાવ્યો) અને મને બોલાવી લીધો !

પછી ફર્માવ્યું કે "આષારે અવલિયા"માં મેં લખેલું જોયું છે કે, "સદકો નૂરી છે અને હૂરોની ખૂબસૂરતીનો સબબ, અને સદકો હજાર રકાત નમાઝથી બેહતર છે." પછી ફર્માવ્યું કે, "જ્યારે કયામતનો દિવસ થશે તો સદકો આપનારાઓનું એક ટોળુ અર્શની નીચે સ્થાન પામશે, અને જે લોકોએ મૃત્યુથી પહેલાં સદકો આપ્યો છે તે મૌત પછી તેમના માટે ગુંબદ બનશે."

પછી ફર્માવ્યું કે, "સદકો જન્નતનો સીધો રસ્તો છે, અને જે શખ્સ સદકો આપે છે તે ખુદાની રહમતથી દૂર નથી થતો."

પછી ફર્માવ્યું કે ખ્વાજા હાજી رحمۃ اللہ علیہના જમાઅતખાનામાં મેં તે શખ્સોમાંથી જેઓ સવાર સાંજ આવતા હતા તેમાં કોઈપણ એવો ન જોયો જે કાંઈ ખાઈને ન જતો હોય. અને જો તે વખતે કોઈ ચીજ ઉપલબ્ધ ન હોતી તો ખાદિમને આપ ફર્માવતા કે પાણી પીવડાવો જેથી દિવસ આપવાથી ખાલી ન જાય.

પછી ફર્માવ્યું, "હે દરવેશ ! જમીન સખી માણસ પર ફખ્ર કરે છે, અને રાતે તથા દિવસે જ્યારે તે જમીન પર ચાલે છે તો તેના આમાલનામામાં નેકીઓ લખવામાં આવે છે."

પછી ફર્માવ્યું કે સખી લોકો એક હજાર વરસ સૌથી પહેલા જન્નતથી ખૂશ્બૂ સૂંઘશે અને દરરોજ તેમને પયગંબરીનો સવાબ મળતો રહેશે. જેવા કે આ ફાયદાઓ ખ્વાજા (ઉષ્માન હારૂની) સાહબે ખત્મ કર્યા લોકો તથા દુઆગો (ગરીબ નવાઝ) પરત આવ્યા. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ





*(મજલિસ-૬)*

## શરાબનું હરામ હોવું તથા મુજાહિદા વિશે

શરાબ પીવાના બારામાં ચર્ચા થઈ. આપે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે મશારિકુલ અન્વારમાં લખ્યું છે કે અમીરુલ મોમિનીન ઉમર ખત્તાબે પયગમ્બરે ખુદા ﷺથી રિવાયત કરી છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, હે ઉમર ! એ હલાલ નથી તદ્દન હરામ તથા ખરાબ છે, અને આ શરાબ મોમિનોની નથી. પછી ફર્માવ્યું કે એકવાર રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જે વખતે મળેલી હોય અને સખત ન હોય તેનું પાણી લેવું જાઈઝ છે અને જ્યારે મળીને અમુક અરસો પસાર થઈ જાય અને સખત થઈ જાય તો (એટલે એમાં જોશ આવી નશાકારક બની જાય) તેને પીવું જાઈઝ નથી. પછી ફર્માવ્યું કે **રસૂલુલ્લાહ ﷺએ તે શખ્સ પર લઅનત કરી છે જે શરાબ પીએ અથવા વેચે અથવા એની કિંમતમાંથી કાંઈ ખાય.** પછી ખ્વાજા સાહબે અશ્રુમય આંખે ફર્માવ્યું કે આ શરીઅત છે જે એને હરામ ગણે છે, નહીં તો તરીકતમાં તો નદીનું પાણી પીવાથી ખુદાની બંદગીમાં સુસ્તી થાય તે શરાબના સ્થાને છે.

પછી ફર્માવ્યું કે એકવાર બાયઝીદ બોસ્તામી رحمۃ اللہ علیہથી લોકોએ પૂછયું કે તમારા મુજાહિદાનો હાલ વર્ણવો. આપે ફર્માવ્યું કે જો હું મારા મુજાહિદાનો હાલ વર્ણન કરું તો તમારામાં એને સાંભળવાની શક્તિ નથી, પરંતુ હા ! જે મેં મારા નફસની સાથે મામલો કર્યો છે જો તે સાંભળવા ચાહતા હોઉ તો હું સંભળાવું છું. તે એ છે કે એકવાર રાતના સમયે મેં નફસને નમાઝના માટે તલબ કર્યો તો એણે સાથ ન આપ્યો અને નમાઝ કઝા થઈ ગઈ. એનો સબબ એ હતો કે મેં નિશ્ચિત માત્રાથી કાંઈક વધુ ખાણુ ખાઈ લીધું

હતું, જ્યારે દિવસ ચઢયો તો મેં દિલમાં નક્કી કરી લીધું કે સાલભરમાં નફસને પાણી આપીશ નહીં.

પછી ફર્માવ્યું કે એકવાર અબૂ તાલિબ બખ્શીને સફેદ રોટી તથા મુર્ગીનાં ઈંડાં ખાવાની ઈચ્છા પેદા થઈ કે જો આજે મળી જાય તો તેનાથી રોઝો ઈફતાર કરું. સંજોગોવસાત અસ્રની નમાઝ વખતે ખ્વાજા સાહબ તાજુ વુઝૂ કરવા મસ્જિદની બહાર નીકળ્યા તો એક છોકરાએ આવીને ખ્વાજા સાહબનો દામન પકડી લીધો અને કહ્યું કે આ ચોર છે ! જે તે દિવસે મારો સામાન ચોરી ગયો હતો અને આજે ફરી આવ્યો છે જેથી કોઈ અન્યનો સામાન ચોરીને લઈ જાય. આ શોર સાંભળીને લોકો ભેગા થઈ ગયા. છોકરો તથા તેનો બાપ મુક્કા મારવા લાગ્યા. ખ્વાજા સાહબે એની ગણત્રી કરી તો છ મુક્કા લાગી ચૂક્યા હતા. એટલામાં એક માણસ આવ્યો તેણે ખ્વાજા સાહબને ઓળખી લીધા અને કહ્યું કે હે લોકો ! આ ચોર નથી ! આ તો ખ્વાજા અબૂ તુરાબ બખ્શી છે ! લોકો માફી માંગવા લાગ્યા કે આપ માફ કરી આપો, અમને ખબર ન હતી. જ્યારે તે માણસ ખ્વાજા સાહબને પોતાના ઘરે લઈ ગયો અને રાતની નમાઝ બાદ બેઠા તો મુર્ગીના ઈંડાં તથા સફેદ રોટી જે સંજોગોવસાત તેના ઘરમાં મૌજૂદ હતાં તે આપની સમક્ષ પેશ કરી. જ્યારે ખ્વાજા સાહબે જોયું તો મુસ્કુરાયા અને ફર્માવ્યું કે ઉઠાવી લે ! હું નહીં ખાઉં. તેણે અર્ઝ કરી કે, કેમ ?! આપે ફર્માવ્યું કે આજે મેં કેવળ એની ઈચ્છા કરી હતી તો ખાધા વિના મેં છ મુક્કા ખાધા, જો હું એને ખાઈ લઉં તો કદાચ કેવી મુસીબત આવી પડે ! ખ્વાજા સાહબ ઉઠીને ખાધા વિના ચાલી નીકળ્યા.

જેવા ખ્વાજા સાહબે (ઉષ્માન હારૂનીએ) આ ફવાઈદ ખત્મ કર્યા તો લોકો તથા દુઆગો (ગરીબ નવાઝ) પરત ચાલ્યા આવ્યા.

اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ





*(મજલિસ-૭)*

## મુસલમાનોને રંજાડનારના વિશે ચર્ચા

મુસલમાનને તકલીફ આપવાના સંબંધે ચર્ચા થઈ. આપે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ રસૂલુલ્લાહ ﷺથી રિવાયત કરી છે કે, **"જે શખ્સે મો'મિનને સતાવ્યો તો સમજો કે તેણે મને નારાજ કર્યો. અને જેણે મને નારાજ કર્યો તેણે ખુદાવંદે તઆલાને નારાજ કર્યો.** દરેક મોમિનના સીનામાં એંસી પર્દા હોય છે અને દરેક પર્દા પર ફરિશ્તો ઉભેલો હોય છે. જે શખ્સ કોઈ મોમિનને સતાવે છે તે એવો જ છે જેમ કે એણે એંસી ફરિશ્તાઓને નારાજ કર્યો."

પછી નમાઝના બારામાં ચર્ચા થઈ તો આપે ફર્માવ્યું કે એ નમાઝ, નમાઝના ફરીઝા પછી અદા કરવામાં આવે છે અને અમારા મશાઈખે આ નમાઝને અદા કરી છે. તો જે શખ્સ ઝોહરની નમાઝથી પહેલાં ચાર રકાત નમાઝ અદા કરે અને જે કાંઈ કુર્આનથી જાણતો હોય પઢે તો ખુદાવંદે તઆલા તેને બહિશ્ત (જન્નત)ની ખુશખબરી આપે છે, અને તેને માટે તે વખતે સિત્તેર હજાર ફરિશ્તા હદિયા લઈને આવે છે અને એ નમાઝને અદા કરનારના માથા પર કુર્બાન કરે છે અને જ્યારે કૃબ્રથી ઉઠે છે તો સિત્તેર પોશાકો પહેરાવીને જન્નતમાં લઈ જાય છે. અને જે શખ્સ એ નમાઝને ઝોહરની નમાઝ બાદ અદા કરે, એમાં કુર્આન નિશ્ચિત નથી, તો ખુદાવંદે તઆલા દરેક રકાતને બદલે તેની હજાર હાજતો પૂરી કરે છે, અને હજાર નેકી તેના માટે લખવામાં આવે છે અને એક વરસની ઈબાદતનો સવાબ તેને મળે છે. કિતાબે મુજીબમાં મશાઈખે તબકૃાત લખે છે કે દાના ત્યાં સુધી નમાઝ શરૂ નથી

કરતો જ્યાં સુધી નમાઝમાં સંપૂર્ણ હુઝૂરી (તલ્લીનતા) હાંસલ ન થઈ જાય. જેમ કે મેં મારા પીર ખ્વાજા હાજી رحمۃ اللہ علیہ ની કિતાબમાં લખેલુ જોયું છે કે ખ્વાજા યુસૂફ ચિશ્તી رحمۃ اللہ علیہ ચાહતા કે નમાઝ શરૂ કરે પણ હજાર વાર તકબીર કહીને બેસી જતા ! જ્યારે સંપૂર્ણપણે હુઝૂરી હાંસલ થતી ત્યારે નમાઝ શરૂ કરતા, અને જ્યારે اِیَّاکَ نَعْبُدُ وَاِیَّاکَ نَسْتَعِیْنُ "અમે તારી જ ઈબાદત કરીએ છીએ અને તારાથી જ મદદ માંગીએ છીએ" પર પહોંચતા તો મોડે સુધી રોકાતા. જ્યારે એમને એના વિશે પૂછવામાં આવ્યું તો આપે ફર્માવ્યું કે જ્યારે મુકમ્મલ હુઝૂરી હાંસલ થાય છે પછી નમાઝ શરૂ કરું છું કેમ કે જે નમાઝમાં મુશાહિદા ન હોય એની શું નેઅમત હોય શકે છે !

પછી ફર્માવ્યું કે એકવાર ખ્વાજા જુનેદ બગદાદી رحمۃ اللہ علیہ અને ખ્વાજા શિબ્લી رحمۃ اللہ علیہ બગદાદથી બહાર નીકળ્યા અને નમાઝનો સમય નજીક આવી પહોંચ્યો. બંને બુઝુર્ગ તાજુ વુઝૂ કરવામાં મશગૂલ થયા અને વુઝૂ કર્યા બાદ નમાઝ અદા કરવા લાગ્યા. એટલામાં એક માણસ લાકડીઓનો ભારો માથા પર ઉઠાવીને જઈ રહ્યો હતો એણે જ્યારે એમને જોયા તો તુરત જ બળતણનો ભારો નીચે મૂકીને વુઝૂમાં વ્યસ્ત થઈ ગયો. તે બુઝુર્ગોએ અક્લથી માલૂમ કરી લીધું કે આ મર્દ ખુદા રશીદા લોકોમાંથી છે. સૌએ એને ઈમામ મુકર્રર કર્યો. જ્યારે નમાઝ શરૂ કરી તો રુકૂઅ તથા સજદાઓમાં મોડે સુધી રહ્યો. નમાઝથી ફારિગ થઈને એને એનો સબબ પૂછયો તો એણે કહ્યું કે મોડુ એ કારણે કરતો હતો કે જ્યાં સુધી એક તસ્બીહ પઢીને લબ્બૈક અબદી (હે મારા બંદા ! હું હાજર છું !) ન સાંભળી લેતો બીજી તસ્બીહ ન કરતો.





પછી ફર્માવ્યું કે એકવાર હું ખાનએ કાબા મોઅઝ્ઝમાની તરફ મુજાવરોની વચ્ચે અમુક સમય ગોશાનશીન રહ્યો. એ બુઝુર્ગોમાં એક બુઝુર્ગ હતા જેને ખ્વાજા ઉમર તસફી કહેતા હતા. એક દિવસ તે બુઝુર્ગ ઈમામત કરી રહ્યા હતા, તરત જ હાલત અજબની થઈ ગઈ, માથુ મુરાકબામાં લઈ ગયા. થોડીકવાર પછી જ્યારે માથુ ઉઠાવ્યું તો આસ્માનની તરફ જોવા લાગ્યા અને મજલિસવાળાઓને ફર્માવ્યું કે માથુ ઉપર ઉઠાવો અને જુઓ ! જેવું કે આવું ફર્માવ્યું તો મેં જોયું. પછી ફર્માવ્યું કે શું કહો છો અને શું જુઓ છો ? મેં કહ્યું કે મેં જોયું કે પ્રથમ આસ્માનના ફરિશ્તા રહમતના થાળો હાથમાં લઈને ઉભા છે અને હોઠો વડે કાંઈક કહી રહ્યા છે. તેમણે ફર્માવ્યું, જાણો છો એઓ શું કહે છે ? મેં કહ્યું, એઓ કહે છે કે શયખ સાહબની બંદગી અમારી બંદગીની સરખામણીમાં બેહતર જણાય છે.

જેવું મેં આવું કહ્યું, એમણે માથુ ઉઠાવ્યું અને દુઆ કરી કે હે ખુદાવંદ ! જે કાંઈ તારા બંદા સાંભળે છે મજલિસવાળા પણ તેને સાંભળે ! તરત જ ગયબી ફરિશ્તાએ અવાજ આપ્યો, હે અઝીઝો ! આ ફરિશ્તાઓ જે હોઠોને હલાવી રહ્યા છે તેઓ એવું કહી રહ્યા છે કે હે ખુદાવંદ ! ખ્વાજા તસફીના મુજાહિદા તથા ઈલ્મની ઈજ્જતના સદક઼ામાં અમને બખ્શી આપ.

ત્યારબાદ ફર્માવ્યું કે આ નેઅમત દરેક મર્તબામાં હાંસલ છે પણ મર્દ એ છે કે એમાં કોશિશ કરે જેથી એ મર્તબા પર પહોંચી જાય.

પછી ફર્માવ્યું, હે દરવેશ ! બગદાદમાં એક બુઝુર્ગ હતો જે કશ્ફો કરામતવાળો હતો. તેને લોકોએ પૂછયું કે તમે નમાઝ કેમ અદા નથી કરતા ? ફર્માવ્યું કે એમાં તમારે કાંઈ દખલ નથી !

પરંતુ જ્યાં સુધી દોસ્તનો ચહેરો નથી જોઈ લેતો હું નથી બેસતો. (એટલે કે નમાઝ પઢવાનું જલ્દી શરૂ કરતા નહીં હોય જેથી લોકોએ આવું કહ્યું હશે. *–અનુવાદક*)

પછી ફર્માવ્યું, આ જ સબબ છે કે જે અમુક મશાઈખ ફર્માવે છે કે ઈલ્મ ઈલ્મ છે જેને આલિમ જાણે છે અને ઝુહદ ઝુહદ છે જેને ઝાહિદ જાણે છે, અને એ ભેદ છે જેને અહલે મઅના સિવાય કોઈ નથી જાણતુ.

પછી ફર્માવ્યું કે **જે શખ્સ અસરની નમાઝથી પહેલાં ચાર રકાત નમાઝ અદા કરે, અબૂ દરદાએ ફર્માવ્યું છે કે દરેક રકાતના બદલામાં જન્નતમાં એક મહેલ મળે છે, અને એ એવો છે જાણે કે તેણે જીવનભર ખુદાતઆલાની ઈબાદતમાં પસાર કરી.** અને જે શખ્સ મગરિબ તથા ઈશા વચ્ચે ચાર રકાત નમાઝ અદા કરે તે જન્નતમાં જાય છે અને મુસીબતોથી સલામત રહે છે અને દરેક રકાતના બદલે પયગંબરીનો સવાબ મળે છે. અને જે શખ્સ ઈશા બાદ ચાર રકાત નમાઝ અદા કરે તે વિના હિસાબે જન્નતમાં જશે, અને આ નમાઝ ખુદાના દોસ્ત સિવાય કોઈ નથી અદા કરતું.

પછી ફર્માવ્યું કે જે શખ્સ નમાઝ અધિક કરે છે તે હિસાબમાં ઘણો વધારે રહે છે અને જે હદી કરતો રહે છે નેકી વધારે થાય છે. (હદી = કુર્બાનીનું જાનવર જે હાજી મક્કા મોઅઝ્ઝમા લઈ જાય છે)

પછી ફર્માવ્યું કે **મોમિનને મુનાફિક઼ તથા લઅનતીના સિવાય અન્ય કોઈ નથી સતાવતુ.** જેવા ખ્વાજા સાહબે (ઉષ્માન હારૂનીએ) આ ફવાઈદ ખત્મ કર્યા, લોકો તથા દુઆગો (ગરીબ નવાઝ) પાછા ચાલ્યા આવ્યા. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ





***(મજલિસ–૮)***

## ગાળ ગલોચ કરનાર વિશે

ગાળ આપવા વિશે ચર્ચા ચાલી તો આપે (હઝરત ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہએ) ઝબાન મુબારકથી ફર્માવ્યું કે, જે શખ્સ મુસલમાનને ગાળ આપે છે તે જાણે કે પોતાની મા તથા પુત્રી સાથે ઝિના કરે છે. અને ગાળ આપવું એવું છે જેમ કે મૂસા علیہ السلامની લડાઈમાં ફિરઔનની મદદ કરવું.

પછી ફર્માવ્યું કે જે શખ્સ મુસલમાનને ગાળ આપે છે તેની દુઆ અમુક દિવસો સુધી ક઼બૂલ નથી થતી, અને જો વિના તૌબાએ મરશે તો ગુનેહગાર ઠરશે.

## લાલ દસ્તરખાન પર ખાવા વિશે

અને ખાવાનો ઉલ્લેખ થયો. જ્યારે ખાણુ આવ્યું તો આપે ફર્માવ્યુ કે ખાણુ દસ્તરખાનમાં લાવો જેથી એના ઉપર રાખીને ખાઈએ. રસૂલે ખુદા صلی اللہ علیہ وسلمએ દસ્તરખાન પર ખાણુ નથી ખાધુ પરંતુ દસ્તરખાન પર રાખીને ખાવાને મના પણ નથી કર્યું, જો ખાઈ લઈએ તો જાઈઝ છે. પરંતુ આવો ! સૌ મળીને ખાઈએ અને એવું કરીએ જેવું કે ઈસા علیہ السلامએ કર્યું છે.

પછી ફર્માવ્યું કે હઝરત ઈસા علیہ السلامના દસ્તરખાનનો રંગ લાલ હતો જે આસ્માનથી ઉતરતુ હતું, અને એમાં સાત રોટલીઓ તથા પાંચ શેર નમક હતું. તો જે શખ્સ દસ્તરખાન પર નમક સાથે રોટલી (રોટલો) ખાય તો તેના દરેક કોળિયાના બદલામાં સો નેકીઓ લખવામાં આવે છે, અને સો દરજાનો જન્નતમાં વધારો કરવામાં આવે છે, અને જન્નતમાં મૂસા علیہ السلامના સાથે મળે છે. અને જે શખ્સ લાલ દસ્તરખાન પર નમક સાથે રોટલી ખાય છે

તેને જન્નતમાં એક શહેર મળે છે અને રોટલી ખાવાથી ફારિગ થતા પહેલાં ખુદાવંદે તઆલા તેના સર્વ ગુનાહો માફ કરી આપે છે.

પછી ફર્માવ્યું કે ખ્વાજા મૌદૂદ હસન رحمۃ اللہ علیہની ઝબાની સાંભળ્યું કે જે શખ્સ લાલ દસ્તરખાન પર રોટલી ખાય છે ખુદાવંદે તઆલા તેને રહમતની નજરથી જુએ છે.

## નબી કરીમ ﷺ તરફથી નામનો ખિતાબ

પછી ફર્માવ્યું કે શમ્સુલ આરિફીન અને તેમનું આ નામ અલ્લાહના રસૂલ ﷺના રોઝા મુબારકથી પડયું. તે એ રીતે પડયું કે જે દિવસે તે રસૂલુલ્લાહ ﷺના રોઝા મુબારક પર પહોંચ્યા અને સલામ કરી તો અવાજ આવ્યો, અલૈકસ્સલામ યા શમ્સુલ આરિફીન. "હે શમ્સુલ આરિફીન ! તમારા પર સલામ !"

પછી ફર્માવ્યું કે આ જ મામલો ઈમામે આ'ઝમ رضی اللہ عنہ સાથે પણ બન્યો હતો. જ્યારે આપ પ્રારંભિક હાલતમાં રસૂલુલ્લાહ ﷺના રોઝા મુબારક પર પહોંચ્યા અને કહ્યું, હે રસૂલોના સરદાર ! તમારા પર સલામ થજો ! તો અવાજ આવ્યો : અલૈકસ્સલામ ! યા ઈમામલ મુસ્લિમીન ! "હે મુસલમાનોના ઈમામ ! તમારા પર સલામતી થાય !"

પછી ફર્માવ્યું કે ખ્વાજા બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہનો ખિતાબ "સુલ્તાનુલ આરિફીન" હતો. એકવાર અડધી રાતના સમયે મકાનની છત પર આવીને લોકોને સૂતેલા પામ્યા અને કોઈ શખ્સને જાગતો ન જોયો તો ખ્વાજા સાહબના દિલમાં ખયાલ આવ્યો કે અફસોસ ! આવી બાઅઝમત બારગાહમાં જાગૃત મશ્ગૂલ કોઈ કેમ નથી ?! ચાહ્યું કે ખુદાવંદે તઆલાથી સમગ્ર મખ્લૂક઼ના જાગવા





તથા મશ્ગૂલ થવાની દુઆ કરે. પછી ખયાલ આવ્યો કે આ શફાઅતનો મક઼ામ તો નબી કરીમ ﷺનો છે, મારી શું મજાલ છે કે એવી દરખાસ્ત કરું ! જેવો દિલમાં આવો ખયાલ આવ્યો તો ગયબથી અવાજ આવ્યો કે હે બાયઝીદ ! આ પ્રમાણેની અદબ જે તેં સાચવી રાખી તો તારું નામ મેં ખલ્ક઼તમાં "સુલ્તાનુલ આરિફીન" રાખ્યું.

પછી ફર્માવ્યું કે અહમદ મઅશૂક઼ رحمۃ اللہ علیہની સાથે પણ આવું જ થયું હતું કે એકવાર આપ શિયાળાની ઋતુમાં ચિલ્લાની રાતમાં અડધી રાતના નજીક જ્યારે બહાર નીકળ્યા તો પાણીમાં ચાલ્યા ગયા અને દિલમાં નક્કી કરી લીધું કે જ્યાં સુધી મને એ માલૂમ ન થઈ જાય કે હું કોણ છું ત્યાં સુધી હરગિઝ પાણીથી બહાર નીકળીશ નહીં. અવાજ આવ્યો કે, "તું તે શખ્સ છે જેની શફાઅતથી ક઼યામતના દિવસે ઘણા લોકોને બખ્શી દેવામાં આવશે." શયખ અહમદે કહ્યું કે હું એ વાત પસંદ કરતો પણ મને એ માલૂમ થવું જોઈએ કે હું કોણ છું ? પછી અવાજ સાંભળ્યો કે, મેં હુકમ કર્યો છે કે તમામ દુર્વેશ તથા આરિફ મારા આશિક઼ હોય અને તું મઅશૂક઼ હોય. પછી ખ્વાજા સાહબ ત્યાંથી નીકળ્યા તો જે શખ્સ આપને મળતો તે "અસ્સલામુ અલૈકુમ ! અહમદ મઅ્શૂક઼" કહેતો.

પછી ફર્માવ્યું કે શમ્સુલ આરિફીન (લોકોના સમક્ષ) નમાઝ અદા કરતા ન હતા. લોકોએ આપને એનો સબબ પૂછયો તો આપે ફર્માવ્યું કે નમાઝ સૂરએ ફાતિહા વિના પઢું છું. લોકોએ કહ્યું કે એ કેવી નમાઝ છે ? પછી કોઈએ વિનંતિ કરી તો આપે ફર્માવ્યું કે સૂરએ ફાતિહા પઢું છું اِیَّاکَ نَعۡبُدُ وَاِیَّاکَ نَسۡتَعِیۡنُ નથી પઢતો. લોકોએ વિનંતિ કરી કે આપ જરૂર પઢો. ત્યાર બાદ મોડે સુધી ચર્ચા થતી રહી. જ્યારે નમાઝ માટે ઉભા થયા અને સૂરએ ફાતિહા

પઢવી શરૂ કરી તો જ્યારે إِيَّاكَ نَعْبُدُ وَإِيَّاكَ نَسْتَعِينُ પર પહોંચ્યા તો આપના વજૂદ મુબારકના દરેક રોંગટાથી લોહી વહેવું શરૂ થઈ ગયું★ ! તો હાજરજનો તરફ ફરીને કહ્યું કે મારા માટે એવી નમાઝ (રિયાકારીવાળી) દુરુસ્ત નથી કે લોકો કહે કે હું નમાઝ પઢુ છું.

જ્યારે ખ્વાજા સાહબ (ઉષ્માન હારૂની) આ ફવાઈદને ખત્મ કરી ચૂક્યા તો યાદે ખુદામાં મશ્ગૂલ થઈ ગયા અને સૌ લોકો તથા દુઆગો (ગરીબ નવાઝ) પાછા ચાલ્યા આવ્યા. الحمد لله على ذلك

*(મજલિસ-૯)*

## રોજી તથા ધંધા વિશે

રોજી કમાવા તથા કામધંધો કરવાના બારામાં ચર્ચા થઈ તો આપે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે એકવાર રસૂલુલ્લાહ ﷺ બેઠેલા હતા. એક શખ્સે ઉઠીને પૂછયું, યા રસૂલલ્લાહ ! ﷺ મારા ધંધાના બારામાં તમારી શું રાય છે ? આં હઝરત ﷺએ ફર્માવ્યું કે તારો ધંધો શું છે ? તેણે અર્ઝ કરી કે દરજી (ટેલરીંગ)નું

★ *આ મજઝૂબ વલીનો મક઼ામ છે. જેમ કે આ'લા હઝરત رحمۃ اللہ علیہએ મલ્ફૂઝાતમાં હઝરત મૂસા સુહાગ رحمۃ اللہ علیہનો પ્રસંગ આવા પ્રકારનો વર્ણવ્યો છે. તથા સાચા મજઝૂબની ઓળખ પણ એ છે કે તેમને શરીઅતનો હુકમ દર્શાવવામાં આવે તો તેનો વિરોધ કરશે નહીં બલ્કે તેના પર ચાલી પણ બતાવશે. હાલ અમુક બનાવટી સૂફી મજઝૂબ હોવાનો ઢોંગ રચે છે પણ શરીઅતની વાત રજૂ કરતાં આડુ અવળુ બોલી નાખે છે જે તેમના બનાવટી હોવાનું જાહેર કરે છે કેમ કે સાચા મજઝૂબ વલી શરીઅતનો વિરોધ કરતા નથી કે એની વિરુદ્ધ એલફેલ બકવાસ કરતા નથી.* **–અનુવાદક**





કામ કરું છું. આપ ﷺએ ફર્માવ્યું, જો તું સીધી રીતે (ઈમાનદારીપૂર્વક) આ કામ કરે છે તો ખૂબ સારું છે અને ક઼યામતના દિવસે તું હઝરત ઈદરીસ علیہ السلامની સાથે જન્નતમાં જઈશ. પછી એક અન્ય માણસે ઉઠીને અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! ﷺ મારા ધંધાના બારામાં તમારી શી રાય છે ? આપ ﷺએ ફર્માવ્યું, તું શું કામ કરે છે ? તેણે અર્ઝ કરી, ખેતીવાડી કરું છું. આં હઝરત ﷺએ ફર્માવ્યું, એ ઘણુ જ સારું કામ છે એટલા માટે કે એ કામ હઝરત ઈબ્રાહીમ علیہ السلامનું હતું, એ મુબારક તથા ફાયદાકારક કામ છે. ખુદાવંદે તઆલા ઈબ્રાહીમ علیہ السلامની દુઆની બરકતથી તને બરકત આપશે અને ક઼યામતના દિવસે જન્નતમાં તું હઝરત ઈબ્રાહીમ علیہ السلامની નજીક હશે. પછી એક માણસે ઉઠીને અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! ﷺ આપની રાયમાં મારો ધંધો કેવો છે ? આપે ફર્માવ્યું, તું શું કામ કરે છે ? તેણે અર્ઝ કરી કે મારું કામ તા'લીમ (Teaching) છે. ફર્માવ્યું, તારા કામને ખુદાવંદે તઆલા ખૂબ જ સારું જાણે છું, જો તું રબની મખ્લૂક઼ને નસીહત કરીશ તો ક઼યામતના દિવસે હઝરત ખિઝર علیہ السلامના જેમ સવાબ તને મળશે, અને જો તું ન્યાય કરીશ તો આસ્માનના ફરિશ્તા તારા માટે માફી ચાહશે. પછી એક અન્ય માણસે ઉઠીને અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! ﷺ મારા ધંધાના બારામાં તમે શું ફર્માવો છો ? આં હઝરત ﷺએ ફર્માવ્યું કે તારો ધંધો શું છે ? તેણે અર્ઝ કરી કે સોદાગરી (વ્યાપાર). આં હઝરત ﷺએ ફર્માવ્યું કે જો તું ઈમાનદારીપૂર્વક કામ કરશે તો જન્નતમાં પયગંબરોનો સાથી હશે.

પછી ફર્માવ્યું કે રોજી કમાનારો ખુદાનો દોસ્ત હોય છે પરંતુ તેણે જોઈએ કે નમાઝ દરેક સમયે અદા કરે અને શરીઅતની હદથી

કૃદમ બહાર ન રાખે, કેમ કે હદીષમાં છે કે એવો રોજી કમાનારો ખુદાનો પ્યારો છે અને ખુદાનો સિદ્દીક્ છે.

પછી ફર્માવ્યું કે અબૂ દરદા رضی اللہ عنہ દુકાનદારી કર્યા કરતા હતા. જ્યારે આખરી જમાનમાં આપને મુસલમાનીની હકીકત માલૂમ થઈ તો આપે દુકાનદારી ત્યજી દીધી. લોકોએ કહ્યું કે આપે દુકાન શા માટે છોડી આપી ? તો આપે ફર્માવ્યું કે જ્યારે મને માલૂમ થયું કે દુકાનદારી સાથે મુસલમાની બરાબર રીતે નથી રહેતી, જેથી મેં દુકાનદારી છોડી આપી. પછી ફર્માવ્યું કે રોજી કમાનારો ખુદાનો સિદ્દીક્ હોય છે કેમ કે એ શખ્સને ખુદા પર ભરોસો છે અને એ શખ્સ પર રોજી કમાવી જરૂરી છે એ શરતે કે જે સમયે નમાઝનો સમય નજીક હોય ત્યારે સર્વે કામધંધો છોડીને નમાઝ અદા કરે, તો આવો રોજી કમાનાર સિદ્દીક્ છે. જેવું કે ખ્વાજા સાહબે આ ફવાઈદને ખત્મ કર્યા તો લોકો તથા દુઆગો પરત ચાલ્યા ગયા. اَلْحَمْدُ اللّٰهِ عَلٰى ذٰلِكَ

*(મજલિસ-૧૦)*

## મુસીબતના વિશે ચર્ચા

મુસીબતના વિશે ચર્ચા ચાલી રહી હતી. આપે ફર્માવ્યું કે અબ્દુલ્લાહ અન્સારી رضی اللہ عنہએ પયગંબરે ઈસ્લામ ﷺથી રિવાયત કરી કે **જે શખ્સ મુસીબતમાં આહોઝારી (હાયપીટ) કરે છે તેના પર ખુદા લઅનત કરે છે.** (લઅનત એટલે અલ્લાહની રહમતથી દૂર થવું)

પછી ફર્માવ્યું કે મશાઈખ તબકાતે કહ્યું કે **મુસીબતમાં આહોઝારી કરવું કુફ્ર (નાશુક્રી) છે અને જે શખ્સ એવું કરે છે તેનું નામ મુનાફિકોમાં લખી દેવામાં આવે છે અને**





**એવા શખ્સ પર ખુદાની લઅનત થાય છે.**

પછી ફર્માવ્યું કે મશાઈખ તબકાતે કહ્યું છે કે **જે શખ્સ મુસીબતના સમયે હાયપીટ કરે છે અને રોક્કળ મચાવે છે તો ચાલીસ દિવસના ગુનાહ તેના માથે લખી દેવામાં આવે છે અને સો વરસની ઈબાદત તેની સ્પેર (અદ્ધર) કરી દેવામાં આવે છે, અને જો એ જ હાલતમાં તૌબા કર્યા વિના મૃત્યુ પામે તો દોઝખમાં શૈતાનની સાથે હશે.**

## શોક માટે કાળો લિબાસ પહેરવો કેવો ?

પછી ફર્માવ્યું કે એકવાર ખ્વાજા ઈબ્રાહીમ અદ્હમ رحمۃ اللہ علیہ એક રસ્તે પસાર થયા. જ્યારે આપે રડવા ચીસો પાડવાનો અવાજ સાંભળ્યો તો કલાઈ પીગળીને કાનમાં નાખી દીધી અને બહેરા થઈ ગયા. ત્યારબાદ (ખ્વાજા ઉષ્માન હારૂનીએ) ફર્માવ્યું કે, ''જે શખ્સ મુસીબતના વખતે પોતાનાં કપડાં ફાડે તેના પ્રતિ ખુદા રહમતની નજર નહીં નાખે અને કયામતના દિવસે તેને સખત અઝાબમાં નાખવામાં આવશે. અને એક રિવાયતમાં આ પ્રમાણે આવ્યું છે કે જે શખ્સે કપડાં ફાડી નાખ્યાં, તો કયામતના દિવસે તેના બંનેવ ભવાંઓ વચ્ચે લખ્યું હશે કે આ શખ્સ ખુદાવંદે તઆલાની રહમતથી નિરાશ છે, પણ તૌબા કરે તો નહીં. અને **જે શખ્સ મુસીબતના વખતે લિબાસને કાળો કરે (કાળો પોશાક પહેરે) તેના માટે દોઝખમાં સિત્તેર ઘરો તૈયાર થશે અને તેની કોઈ પ્રકારની ઈતાઅત (ફર્માંબરદારી) કબૂલ થતી નથી.** અને એવું ન થશે કે જાણે તેણે સિત્તેર મો'મિનોને જાનથી મારી નાખ્યા છે. અને **હજાર બદી તેના આમાલનામામાં લખવામાં આવે છે, અને આસ્માન તથા જમીનના ફરિશ્તા**

**તેના પર લઅનત કરે છે જ્યાં સુધી તે કાળા કપડાં પહેરેલો રહે છે.**

## પાણી પીવડાવવા તથા ખવડાવવાની ફઝીલત

પછી પાણી આપવાના બારામાં ચર્ચા થઈ તો આપ (હઝરત ઉષ્માન હારૂની) رحمۃ اللہ علیہએ ઝબાન મુબારકથી ફર્માવ્યું કે **જે સમયે કોઈ માણસ તરસ્યાને પાણી આપે છે તે જ ઘડીએ તેના સર્વ ગુનાહો બખ્શી દેવામાં આવે છે જાણે કે તે હમણા માના પેટથી પેદા થયો છે, અને વિના હિસાબે જન્નતમાં જશે અને એ દિવસે મરી જાય તો શહીદ થઈને મરશે.**

પછી ફર્માવ્યું કે **જે શખ્સ ભૂખ્યાને ખાવા ખવડાવે તેની હજાર હાજતોને અલ્લાહ તઆલા પૂરી કરે છે અને દોઝખની આગથી આઝાદ કરે છે અને જન્નતમાં એના માટે એક મહેલ બનાવે છે.**

## પુત્રીઓને પ્યાર કરવાની ફઝીલત

પછી ફર્માવ્યું કે, પુત્રીઓ ખુદાનો તોહફો છે તો જે શખ્સ તેણીઓને ખુશ રાખે છે તેનાથી ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللهُ عَلَيْهِ وَسَلَّمَ ખુશ થાય છે અને જે શખ્સને ખુદાવંદે તઆલા પુત્રીઓ અર્પણ કરે તેનાથી ખુદા ખુશ હોય છે, અને જે પુત્રીઓના જન્મ પર ખુશી જાહેર કરે તો એ ખુશી પ્રદશિત કરવું ખાનાએ કા'બાની ૭૦ વારની ઝિયારતથી પણ અધિક ફઝીલતવાળુ છે. જે માં બાપ પોતાની પુત્રીઓ પર રહમ કરે છે તેમના પર ખુદા રહમ કરે છે.

પછી ફર્માવ્યું કે મેં ''આષારે અવલિયા''માં લખેલું જોયું છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે, **જે શખ્સને ત્યાં એક પુત્રી**





**હશે તો ક્યામતના દિવસે તેના તથા દોઝખના વચ્ચે પાંચસો વરસનું અંતર હશે. (દોઝખથી એટલો દૂર રહેશે.)**

પછી ફર્માવ્યું કે અવલિયા અલ્લાહ તથા અંબિયાએ કિરામ **છોકરાઓ કરતાં છોકરીઓને અધિક પ્યાર (વહાલ) કરતા હતા.**

પછી ફર્માવ્યું કે ખ્વાજા સરી સક્તી رحمۃ اللہ علیہની એક પુત્રી હતી જેને તે ખૂબ જ પ્યાર કરતા હતા. જેથી આપને એકવાર નવા કૂજા તથા ઠંડા પાણીની ઈચ્છા થઈ, તો જેવું આપે ઝબાન મુબારકથી કાઢયું કે જો ઠંડુ પાણી અને નવો કૂજો હોય તો એના વડે રોઝો ઈફતાર કરું ! એને આપનાં પુત્રીએ સાંભળ્યું તો તુર્ત જ આપની સમક્ષ રાખી દીધું. અસ્રની નમાઝનો સમય હતો. ખ્વાજા સાહબને ઊંઘ આવી અને આપ સૂઈ ગયા તો શું જુએ છે કે જાણે અલ્લાહ જન્નત જેવા ઘરમાં તે પુત્રીને પૂછે છે કે હે છોકરી ! તું કોની પુત્રી છે ? તેણીએ કહ્યું, હું તે શખ્સની પુત્રી છું જેણે નવા કૂજામાં ઠંડુ પાણી પીધું. આ સાંભળી આપે જેવો કે પગ પર હાથ માર્યો તો કૂજો તૂટી ગયો અને ના'રો મારીને કહ્યું કે, હે સરી ! નવા કૂજામાં પાણી ન પીવું જોઈએ ! જેઓ આવા પ્રમાણમાં દુનિયાવી લગાવ રાખે છે તે હરગિઝ હરગિઝ આવા મર્તબા પર નથી પહોંચી શકતા.

જેવા કે ખ્વાજા (ઉષ્માની હારૂની) સાહબે પોતાના ફવાઈદ ખત્મ કર્યા તો યાદે ઈલાહીમાં મશગૂલ થઈ ગયા અને લોકો તથા દુઆગો પાછા ચાલ્યા ગયા. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ

***(મજલિસ-૧૧)***

## જાનવરને સળગાવનાર વિશે હુકમ

ફર્માવ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જે શખ્સ કોઈ

જાનવરને આગમાં ફેંકે છે અથવા બેરહમીથી મારી નાખે છે એનો કફ્ફારો એ છે કે ગુલામ આઝાદ કરે અથવા સાઈઠ મિસ્કીનોને ખાવા ખવડાવે અથવા સતત લગાતાર બે મહિનાના રોઝા રાખે. રસૂલુલ્લાહ ﷺ ફર્માવ્યા કરતા હતા કે કોઈ જાનવરને આગમાં નાખવામાં નહીં આવે, પણ દુનિયામાં તથા આખેરતમાં અઝાબ થશે. અને જે શખ્સ જાનવરને આગમાં ફેંકે છે જાણે તે પોતાની મા સાથે ઝિના કરે છે.

જેવા કે ખ્વાજા (ઉષ્માની હારૂની) સાહબે પોતાના ફવાઈદ ખત્મ કર્યા તો યાદે ઈલાહીમાં મશ્ગૂલ થઈ ગયા અને લોકો તથા દુઆગો પાછા ચાલ્યા ગયા. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ

*(મજલિસ-૧૨)*

## સલામ કહેવાની ફઝીલત વિશે

સલામ કહેવાના બારામાં ચર્ચા ચાલી તો આપે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺથી હદીષમાં આવ્યું છે કે જ્યારે મજલિસથી ઉઠે તો સલામ કહે, કેમ કે સલામ કહેવું ગુનાહોનો કફ્ફારો છે અને ફરિશ્તા તેની બખ્શિશની તમન્ના કરતા હોય છે. જે શખ્સ મજલિસથી ઉઠતી વખતે સલામ કહે છે તો ખુદાવંદે તઆલાની રહમત તેના પર વરસે છે અને તેની નેકીઓ તથા જિંદગી વધી જાય છે.

પછી ફર્માવ્યું કે મેં ખ્વાજા યૂસુફ હસન ચિશ્તી رحمۃ اللہ علیہની ઝબાની સાંભળ્યું છે કે જ્યારે કોઈ શખ્સ મજલિસથી ઉઠે છે અને સલામ કહે છે તેને હજાર નેકીઓ મળે છે અને તેની હજાર હાજતો પૂરી થાય છે અને ગુનાહોથી એવો પાક થઈ જાય છે જાણે કે માના પેટથી નીકળ્યો છે. અને એક વરસના ગુનાહ માફ કરી





દેવામાં આવે છે અને એક વરસની ઈબાદત તેના આમાલનામામાં લખી દેવામાં આવે છે અને સો હજ્જ તથા સો ઉમરા તેના નામે લખવામાં આવે છે અને રહમતના સો થાળ તે બંદાના માથા પર કુર્બાન કરે (વરસાવે) છે.

પછી ફર્માવ્યું કે અમીરુલ મો'મિનીન અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ ફર્માવ્યું છે કે મેં ઈચ્છયું કે કોઈ એવો મોકો મળે કે રસૂલુલ્લાહ ﷺના મજલિસમાં તશરીફ લાવતી વખતે કે પરત થતી વખતે હું સલામ કહું, પણ મોકો ન મળ્યો. જેવો હું સલામ કરવા ચાહતો કે રસૂલુલ્લાહ ﷺ પહેલાં જ સલામ કહેતા. કહે છે કે સલામ કરવી નબીઓની સુન્નત છે. સર્વ પયગંબર જે થઈ ગયા તેઓ સૌ પ્રથમ સલામ કહ્યા કરતા હતા.

જેવા કે ખ્વાજા (ઉષ્માની હારૂની) સાહબે પોતાના ફવાઈદ ખત્મ કર્યા તો યાદે ઈલાહીમાં મશ્ગૂલ થઈ ગયા અને લોકો તથા દુઆગો પાછા ચાલ્યા ગયા. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ

*(મજલિસ-૧૩)*

## રાતમાં નમાઝ પઢવા વિશે

ત્યારબાદ રાતમાં કયામ કરવા વિશે ચર્ચા ચાલી. આપે ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, "જે શખ્સ રાત્રે કયામ કરે (નમાઝ પઢે) અને દુનિયાવાળા સૂઈ રહ્યા હોય તો ખુદાવંદે તઆલા ફરિશ્તાઓને હુકમ આપે છે જેથી બીજી રાત સુધી તેનું ધ્યાન રાખે અને રાતથી લઈને દિવસ નીકળતા સુધી તેના માટે બખ્શિશ તલબ કરતા રહે."

એક અન્ય રિવાયતમાં આવ્યું છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જે શખ્સ જુમ્આના દિવસે વીસ રકાત નમાઝ અદા કરે

અને દરેક રકાતમાં સૂરએ ફાતિહા તથા સૂરએ ઈખ્લાસ એકવાર પઢે તો કયામતના દિવસે લાખ સિદ્દીકો તથા શહીદોની સાથે ઉઠશે. અને દરેક રકાત પછી દિવસ રાતનો સવાબ તેને મળશે, દરેક અક્ષરના બદલામાં નૂર પામશે અને પુલસિરાત પરથી સરળતાપૂર્વક પસાર થઈ જશે.

પછી ફર્માવ્યું કે જે શખ્સ કયામ કરે ભલે ઊંટની ગરદનની જેમ ગરદન હલાવે તે એનાથી બેહતર હોય છે કે તે સાઈઠ હજ્જ તથા ઉમરા કરે. અને રહમતના દરવાજા તેમના માટે ખુલી જાય છે.

પછી ફર્માવ્યું કે એકવાર હું સમરકંદમાં મુસાફર હતો. એક બુઝુર્ગ હતા જેમને શયખ અબ્દુલવાહિદ સમરકંદી કહે છે. એમનાથી મેં સાંભળ્યું કે, ''ઈમાનમાં કાંઈ મજા નથી જ્યાં સુધી દિવસે તથા રાત્રે કયામ ન કરવામાં (નમાઝો ન પઢવામાં) આવે. તો જે શખ્સ આ બંનેવ કામો કરે છે તે ઈમાનની મજા ચાખે છે.''

પછી ફર્માવ્યું કે, ''ઈમામે આ'ઝમ અબૂ હનીફા رحمۃ اللہ علیہ ૩૦ વરસો સુધી રાત્રે નથી સૂતા અને આપનુ મુબારક પાસુ (કરવટ) જમીનથી નથી સ્પર્શ્યું !''

પછી ફર્માવ્યું કે જ્યારે તેમણે અંતિમ હજ્જ કરી તો ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہ કા'બાના દરવાજા પર આવ્યા અને કહ્યું કે દરવાજા ખોલો ! આજની રાત ખુદાવંદે તઆલાની ઈબાદત કરી લઈએ, કોણ જાણે છે કે મને બીજી વખતે હજ્જની કુદરત હાંસલ થાય કે ન થાય ! દરવાજો ખુલી ગયો. ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہ અંદર ચાલ્યા અને ખાનાએ કા'બાના બે સુતૂનો વચ્ચે નમાઝ અદા કર્યા બાદ ઊભા થયા જમણા પગનો ડાબા પગ પર રાખીને અડધુ





કુર્આન શરીફ પઢીને રુકૂઅ તથા સજદા પૂરા કરીને કહ્યું, હે ખુદાવંદા ! મેં તારી ઈતાઅત (આજ્ઞાપાલન) એવી નથી કરી જેવો કે ઈતાઅતનો હુકમ હતો, અને મેં નથી ઓળખ્યો તને જેવો કે તને ઓળખવાનો હક્ક હતો. તો ગયબથી અવાજ આવ્યો કે હે અબૂ હનીફા ! તેં ઓળખ્યો જેવો કે ઓળખવાનો હક્ક હતો ! મેં તને તથા તે લોકોને જે તારા અનુયાયી છે અને જેઓ તારા મઝહબ પર ચાલશે તેમને બખ્શી આપ્યા. (સુબ્હાનલ્લાહ !)

પછી ફર્માવ્યું કે યૂસુફ ચિશ્તી رحمۃ اللہ علیہ ચાલીસ સાલ સુધી ન સૂતા અને આપની પીઠ મુબારક જમીન પર ન સ્પર્શી.

પછી ફર્માવ્યું કે ખ્વાજા અહમદ ચિશ્તી رحمۃ اللہ علیہએ ૩૦ વરસો સુધી રાતના સમયે કયામ કર્યો (નમાઝ પઢી) અને દરેક રાતે દરેક બે રકાતમાં બે બે વાર કુર્આન મજીદ કરતા હતા.

પછી ફર્માવ્યું, કહે છે એમણે ખુદાવંદે તઆલાને ખ્વાબમાં જોયો, ત્યાર બાદ બાકીની ઉમરમાં સૂતા નથી, સિત્તેર વરસો સુધી અધિક જીવતા રહ્યા. જ્યારે આપના ઈન્તેકાલનો સમય નજીક આવ્યો તો એક બુઝુર્ગે આપને ખ્વાબમાં જોઈને પૂછયું, આપની શું હાલત છે ? કઈ રીતે આપ જઈ રહ્યા છો ? આપે ફર્માવ્યું કે હું મર્દાના તૌર પર જાઉં છું, હે અઝીઝો ! આજે સિત્તેર વરસનો અરસો વહી ગયો છે કે મેં તે ખ્વાબ જોયો હતો તેનો આ જ સુધી મેં કોઈને એનો ઉલ્લેખ નથી કર્યો, આજે પણ હું તે જ ખ્વાબમાં ડૂબીને જઈ રહ્યો છું.

પછી ફર્માવ્યું કે હે દરવેશ ! દુનિયામાં પણ નૂર છે અને પુલસિરાતમાં પણ જન્નતમાં પણ નૂર છે.

પછી ફર્માવ્યું કે જે શખ્સ રાતમાં કયામ કરે (નફ્લ નમાઝો

પઢે) છે, જે દુઆ કરે છે તે કબૂલ થઈ જાય છે, અને એનો ખ્વાહિશમંદ હોય છે અને ખુદાવંદે તઆલા એનાથી ખુશ હોય છે.

પછી ફર્માવ્યું કે એક વખતે હું બુખારાની તરફ સફર કરી રહ્યો હતો. એક દરવેશને મેં જોયો જે અત્યંત વૃદ્ધ હતો. કેટલોક સમય હું તેની સોહબતમાં રહ્યો. કોઈ રાત મેં ન જોયો કે તેને નમાઝમાં ન ગુજારતા હોય. છેવટે સાંભળ્યું કે ચાલીસ વરસોથી તે દરવેશે કરવટ (પાસુ) જમીન સાથે નથી લગાડયું.

જેવા કે ખ્વાજા (ઉષ્માની હારૂની) સાહબે પોતાના ફવાઈદ ખત્મ કર્યા તો યાદે ઈલાહીમાં મશ્ગૂલ થઈ ગયા અને લોકો તથા દુઆગો પાછા ચાલ્યા ગયા. اَلْحَمْدُ لِلّٰہِ عَلٰی ذٰلِکَ

*(મજલિસ-૧૪)*

## સૂરએ ફાતિહા તથા સૂરએ ઈખ્લાસની ફઝીલત

સૂરએ ફાતિહા (અલ્હમ્દ શરીફ) તથા સૂરએ ઈખ્લાસ (કુલ હુવલ્લાહ)ના બારામાં ચર્ચા શરૂ થઈ. આપે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે ખ્વાજા યૂસુફ હસન ચિશ્તી رحمۃ اللہ علیہ પોતાની પુસ્તિકામાં લખે છે કે પયગંબરે ખુદા صلی اللہ علیہ وسلمથી હદીષ છે કે જે શખ્સ સૂતી વખતે સૂરએ ફાતિહા તથા સૂરએ ઈખ્લાસ પઢે છે તે કયામતના દિવસે અમીનોમાંથી હશે અને પયગંબરોના પછી સૌ પ્રથમ તે જન્નતમાં જશે. અને જન્નતમાં જતી વખતે હઝરત ઈસા علیہ السلامની નજીક હશે.

પછી ફર્માવ્યું કે ખ્વાજા મુહમ્મદ અર્શીથી નકલ છે કે જે શખ્સ સૂતી વખતે એકવાર સૂરએ ફાતિહા અને ત્રણવાર સૂરએ ઈખ્લાસ પઢે છે તે ગુનાહોથી એવો પાક થઈ જાય છે જાણે કે માના પેટથી પેદા થયો છે.





પછી ફર્માવ્યું કે હદીકામાં લખ્યું છે, મેં જોયું છે કે અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ તથા ઈબ્ને ઉમર رضی اللہ عنہએ ફર્માવ્યું કે જે શખ્સ સૂતી વખતે સૂરએ કાફિરૂન પઢે હજાર માણસ જન્નતમાં તેની ગવાહી આપશે.

પછી ફર્માવ્યું કે એકવાર હું બદખ્શામાં મારા પીર હાજી رحمۃ اللہ علیہની ખિદમતમાં હાજર હતો. બદખ્શાંની એક મસ્જિદમાં એક બુઝુર્ગને જોયા કે તેને ખ્વાજા મુહમ્મદ બદખ્શાં કહેતા હતા અને જે યાદે ઈલાહીમાં અતિશય મશગૂલ હતા. તેમનાથી મેં સાંભળ્યું કે જે શખ્સ સૂર્ય નીકળતી વખતે બે રકાત નમાઝ અદા કરે કે ચાર રકાત, તો હજ્જ તથા ઉમરાનો સવાબ ફરિશ્તા તેના આમાલનામામાં લખે છે. અને હદીષમાં આવ્યું છે કે જે શખ્સ સૂર્ય નીકળતી વખતે બે અથવા ચાર રકાત નમાઝ અદા કરે છે એ એના કરતાં ખૂબ જ અફઝલ હોય છે જે દુનિયાનો તમામ માલ સદકો કરે.

જેવા કે ખ્વાજા (ઉષ્માન હારૂની) સાહબે પોતાના ફવાઈદ ખત્મ કર્યા તો યાદે ઈલાહીમાં મશ્ગૂલ થઈ ગયા અને લોકો તથા દુઆગો પાછા ચાલ્યા ગયા. اَلْحَمْدُ لِلّٰہِ عَلٰی ذٰلِکَ

*(મજલિસ-૧૫)*

## જન્નતીઓ વિશે વર્ણન

જન્નત તથા અહલે બહિશ્ત (જન્નતવાળાઓ) વિશે ચર્ચા થઈ. આપે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે ઈમામ શાફઈ رحمۃ اللہ علیہની તફસીરમાં જન્નતના બયાનમાં લખેલુ જોયું છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمથી લોકોએ અર્ઝ કરી કે અમને જન્નતવાસીઓના ખોરાક વિશે આપ ખબર આપો. પયગંબર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, મને એ જ ખુદાની કસમ છે જેણે મને પયગંબર બનાવ્યો કે મર્દ જન્નતમાં

સો મર્દોની સાથે ખાવા ખાશે અને પોતાનાં બીવી બચ્ચાં સાથે મળીને રહેશે. લોકોએ અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! ﷺ એ ખાણાથી કઝાએ હાજત પણ થશે કે નહીં ? આપ ﷺએ ફર્માવ્યું, હા ! થશે, અને એનાથી પરસેવો મુશ્કથી પણ વધુ ખુશ્બોદાર નીકળશે અને એના પેટમાં કાંઈ પણ રહેશે નહીં. પછી ફર્માવ્યું, જન્નતમાં એવી જિંદગી હશે જેને મૃત્યુ નહીં હોય, અને જવાની હશે જે કદાપિ ઘડપણમાં ફેરવાશે નહીં અને હમેશાં તાજી નેઅમતોમાં રહેશે, અને દરરોજ એમના પર નેઅમતો વધતી જશે.

ત્યારબાદ ફર્માવ્યું કે જે શખ્સ આ નેઅમતોને હાંસલ કરવા ચાહે તે જુમ્આના દિવસે પઢી ૧૦૦ વાર સૂરએ ઈખ્લાસ પઢે અને હમેશાં પઢે એના પર નેઅમતો વધતી જાય છે. અને રસૂલુલ્લાહ ﷺથી અર્ઝ કરી કે જન્નતમાં મા બાપ અને ઔલાદ પણ એકબીજાને મળશે ? આં હઝરત ﷺએ ફર્માવ્યું કે ખુદાવંદે તઆલા ફર્માવે છે :–

جَنّٰتُ عَدۡنٍ یَّدۡ خُلُوۡنَهَا وَمَنۡ صَلَحَ مِنۡ اٰبَآئِهِمۡ وَاَزۡوَاجِهِمۡ
وَذُرِّیّٰتِهِمۡ وَالۡمَلٰٓئِکَةُ یَدۡخُلُوۡنَ عَلَیۡهِمۡ مِنۡ کُلِّ بَابٍ

"જ્યારે મા બાપ તથા ફરઝંદ એકબીજાને મળવા ચાહશે તો જન્નતી ઘોડાઓ પર સવાર થઈને તેમના મહોલ્લાઓમાં જશે."

જેવા કે ખ્વાજા (ઉષ્માન હારૂની) સાહબે પોતાના ફવાઈદ ખત્મ કર્યા તો યાદે ઈલાહીમાં મશ્ગૂલ થઈ ગયા અને લોકો તથા દુઆગો પાછા ચાલ્યા ગયા. اَلۡحَمۡدُ لِلّٰهِ عَلٰی ذٰلِكَ

*(મજલિસ–૧૬)*

## મસ્જિદમાં જતાં આવતાં અઢળક નેકીઓ કમાઓ !

મસ્જિદના બારામાં ચર્ચા શરૂ થઈ. આપે ઝબાન મુબારકથી





ફર્માવ્યું કે હદીષમાં છે કે જે શખ્સ જમણો પગ મસ્જિદમાં રાખે અને કહે :–

تَوَکَّلۡتُ عَلَی اللّٰهِ لَا حَوۡلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ مِنَ الشَّیۡطٰنِ الرَّجِیۡمِ

**"તવક્કલતુ અલલ્લાહિ લા હૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહિ મિનશ્શયતાનિર્રજીમ."** (મેં ખુદા પર ભરોસો કર્યો. નથી તાકત તથા કુવ્વત પણ અલ્લાહની સાથે. શયતાન લઅનતી છે.) અને ત્યાર બાદ જે નમાઝ પઢે તેના માટે ખુદા તઆલા હુકમ આપે છે કે **દરેક રકાતના બદલે સો રકાત નમાઝનો સવાબ લખવામાં આવે, અને ખુદા તઆલા તેના ગુનાહોને બખ્શી આપે છે. અને દરેક કદમના બદલે એક દરજો તેને જન્નતમાં મળે છે અને એના નામ પર જન્નતમાં એક મહેલ તૈયાર થાય છે.**

પછી ફર્માવ્યું કે જે શખ્સ મસ્જિદમાં જાય છે અને કહે છે, مِنَ الشَّیۡطٰنِ الرَّجِیۡمِ **મિનશ્શયતાનિર્રજીમ** તો શૈતાન કહે છે કે તેં આ કલ્મો કહીને મારી કમર તોડી નાખી છે. પછી **તેના આમાલનામામાં એક વરસની ઈબાદતનો સવાબ લખવામાં આવે છે.** અને જ્યારે બહાર નીકળતી વખતે આ કલ્મો પઢે છે તો **તેના શરીરના દરેક વાળના બદલામાં ખુદા તઆલા સો નેકી એનાયત કરે છે અને જન્નતમાં સો દરજા વધારવામાં આવે છે.**

પછી ફર્માવ્યું કે ઈમામ ઝયદ વબસી ઝિંદા રાસ્તી رحمة الله علیه પોતાની કિતાબમાં લખે છે : જ્યારે મો'મિન મસ્જિદમાં આવે છે અને જમણો પગ અંદર રાખે છે તો **અવ્વલથી આખર સુધીના તેના સર્વ ગુનાહો ખરી જાય છે,** જ્યારે બહાર આવે છે અને ડાબો પગ મૂકે છે તો ફરિશ્તા કહે છે, **હે ખુદાવંદે તઆલા !**

**એને નિગાહોમાં રાખ અને એની હાજતને પૂરી કર એનું સ્થાન હમેશાં માટે બહિશ્તમાં બનાવ.**

પછી ફર્માવ્યું કે ખ્વાજા મુહમ્મદ મરઅશી رحمۃ اللہ علیہ ના રિસાલામાં મેં લખેલું જોયું છે કે સુફયાન ષૌરી رحمۃ اللہ علیہ ખાનએ ખુદામાં એ રીતે બેઅદબોની જેમ પ્રવેશ્યા કે તેમણે ડાબો પગ મસ્જિદમાં રાખ્યો. તો આ બેઅદબીના કારણે તેમનુ નામ ષૌર પડી ગયું✪.

જેવા કે ખ્વાજા (ઉષ્માની હારૂની) સાહબે પોતાના ફવાઈદ ખત્મ કર્યા તો યાદે ઈલાહીમાં મશ્ગૂલ થઈ ગયા અને લોકો તથા દુઆગો પાછા ચાલ્યા ગયા. اَلْحَمْدُ لِلّٰہِ عَلٰی ذٰلِکَ

***(મજલિસ-૧૭)***

## દુનિયા અને માલ જમા કરવા વિશે

દુનિયા અને માલ જમા કરવાના બારામાં ચર્ચા ચાલી. આપે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે માણસે જોઈએ કે આ દુનિયા તરફ નિગાહ ન કરે, અને નજીક ન ભટકે અને જે કાંઈ તેને મળે ખુદાના માર્ગમાં ખર્ચી કાઢે, અને કાંઈ સંગ્રહખોરી ન કરે.

પછી ફર્માવ્યું કે મેં હઝરત ખ્વાજા યૂસુફ ચિશ્તી رحمۃ اللہ علیہ ની ઝબાની સાંભળ્યું છે કે માલનો શુક્રિયા અદા કરવું સદકો

*✪ શક્ય છે ગલતીથી ડાબો પગ મસ્જિદમાં મૂકાઈ ગયો હોય. કહેવાનુ તાત્પર્ય એ છે કે મસ્જિદની અદબ કેટલી મહત્વની ચીજ છે કે રબને એ પણ સ્વીકાર્ય નથી કે કોઈ મસ્જિદમાં ડાબો પગ રાખી પ્રવેશે તો પછી જેઓ મસ્જિદમાં જોર જોરથી વાતો કરે તથા હસે તેમનાથી ખુદા કેટલો નારાજ હશે ?! **-અનુવાદક***





આપવું છે, અને ઈસ્લામનો શુક્રિયા اَلْحَمْدُ لِلّٰہِ رَبِّ الْعٰلَمِیْنَ **"અલ્હમ્દુલિલ્લાહિ રબ્બિલ આલમીન"** કહેવું છે અને જે શખ્સ اَلْحَمْدُ لِلّٰہِ رَبِّ الْعٰلَمِیْنَ **"અલ્હમ્દુલિલ્લાહિ રબ્બિલ આલમીન"** કહે છે ઈસ્લામનો શુક્રિયા બજાવી લે છે, અને જે શખ્સ ઝકાત તથા સદકો આપે છે તે માલનો હક્ક અદા કરે છે.

## બાળકો રડવાના કારણ વિશે

પછી બાળકોની બુરી આદતની ચર્ચા થઈ તો આપે ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જ્યારે બાળકો રડે છે તો લઅનતી શૈતાન તેમના કાન આમળે છે ત્યારે તેઓ રડે છે. વળી જે મા બાપ પોતાનાં બાળકોને મારે છે તેમના નામે ગુનોહ લખવામાં આવે છે.

પછી ફર્માવ્યું કે હદીષમાં આવ્યું છે કે નાનો બાળક નથી રડતો ત્યાં સુધી કે શૈતાન તેને ન સતાવે. પરંતુ બાળક રડે તો لَا حَوْلَ وَلَا قُوَّۃَ اِلَّا بِاللّٰہِ الْعَلِیِّ الْعَظِیْمِ **"લા હૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહિલ અલિય્યિલ અઝીમ"** કહેવું જોઈએ જેથી તમને ખુશખબરી થાય અને તે રડવાથી દૂર રહે.

## હસદ દિલથી કાઢોને જન્નતમાં જાવ !

પછી ફર્માવ્યું કે આલિમોનો હસદ (ઈર્ષા) સારો નથી, ખાસ કરીને મુસલમાનના માટે. અમુક આલિમોનો કૌલ છે કે હસદ દિલથી કાઢી નાખવો જોઈએ, જ્યારે હસદને દિલથી કાઢી નાખશો તો જન્નતમાં જશો.

પછી ફર્માવ્યું કે આલિમોનો હસદ અધિક છે, કેમ કે તેઓ દુનિયાની બાબતે હસદ નથી કરતા બલ્કે એક એવી ચીજ સંબંધે

હસદ કરે છે જેને જોવામાં નુકસાન નથી. જેવા કે ખ્વાજા (ઉષ્માની હારૂની) સાહબે પોતાના ફવાઈદ ખત્મ કર્યા તો યાદે ઈલાહીમાં મશગૂલ થઈ ગયા અને લોકો તથા દુઆગો પાછા ચાલ્યા ગયા. اَلْحَمْدُ اللّٰہِ عَلٰی ذٰلِكَ

*(મજલિસ-૧૮)*

## છીંક ખાવાના વિશે

છીંક ખાવાના બારામાં ચર્ચા ચાલી તો આપે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺથી હદીષમાં છે કે જ્યારે મો'મિન છીંક ખાય છે અને اَلْحَمْدُ لِلّٰہِ رَبِّ الْعٰلَمِیْنَ (અલ્હમ્દુ લિલ્લાહિ રબ્બિલ આલમીન) કહે છે તો ખુદા તઆલા તેના સર્વ ગુનાહો બખ્શી આપે છે અને જન્નતમાં એના નામનો એક દરજો નિશ્ચિત છે, અને એક ગુલામને આઝાદ કરવાનો સવાબ તેના આમાલનામામાં લખવામાં આવે છે. અને જ્યારે બીજી છીંક ખાય છે તો તેનાં મા બાપને પણ બખ્શી આપે છે. અને ત્રીજીવાર છીંક ખાય છે તો સમજી લો કે શરદી છે.

હે મુસલમાનો ! છીંકનો જવાબ આપવો یَرْحَمُكَ اللّٰہُ تَعَالٰی (યર્હમુકલ્લાહુ તઆલા) કહેવું ગુનાહોનો કફ્ફારો છે અને દરજ્જાઓની અધિક્તાનો સબબ છે. અને છીંક દોઝખની આગની વચ્ચે પડદાનું કામ કરે છે, અને હજાર નેકી તેના નામે લખાય છે. અને ક્યામતના દિવસે તેના ત્રાજવામાં રાખે છે તો અર્શ તથા કુર્સી કરતાં વજનદાર થાય છે. જે છીંકનો જવાબ આપે છે અને જે શખ્સ એકવાર اَلْحَمْدُ لِلّٰہِ رَبِّ الْعٰلَمِیْنَ કહે છે, તો ખુદા તઆલા તેને જન્નતમાં પયગંબરોનો પડોશ અતા કરે છે અને એક શહેર જન્નતમાં તેને અર્પણ થાય છે.





પછી ફર્માવ્યું કે સૌ પ્રથમ જેણે છીંક ખાધી તે હઝરત આદમ علیہ السلام હતા, અને જિબ્રઈલ علیہ السلام પાસે જ હતા તેમણે કહ્યું, یَرْحَمُكَ اللّٰہُ (યર્હમુકલ્લાહ).

જેવા કે ખ્વાજા (ઉષ્માની હારૂની) સાહબે પોતાના ફવાઈદ ખત્મ કર્યા તો યાદે ઈલાહીમાં મશગૂલ થઈ ગયા અને લોકો તથા દુઆગો પાછા ચાલ્યા ગયા. اَلْحَمْدُ اللّٰہِ عَلٰی ذٰلِكَ

*(મજલિસ-૧૯)*

## અઝાનના વિશે ચર્ચા

નમાઝની બાંગ (અઝાન) કહેવાના બારામાં ચર્ચા ચાલી તો આપે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે અમીરુલ મો'મિનીન હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ રસૂલુલ્લાહ ﷺને પૂછયું, તો આં હઝરત ﷺએ ફર્માવ્યું કે, હે અલી ! જે શખ્સ નમાઝ માટે અઝાન કહે છે એનો સવાબ ખુદાએ તઆલા બુલંદો બુઝુર્ગ જ જાણે છે પરંતુ નમાઝની અઝાન મારી ઉમ્મતના માટે હુજ્જત (દલીલ) છે. જેની તફસીર એ છે કે જ્યારે મો'મિન **"અલ્લાહુ અકબર ! અલ્લાહુ અકબર !"** કહે છે, તો એવું કહે છે કે, "ખુદાને મેં તમારો ગવાહ બનાવ્યો હે મુહમ્મદ ﷺની ઉમ્મત ! નમાઝમાં હાજર થાવ ! અને દુનિયાવી કારોબાર છોડી આપો." અને જ્યારે **અશ્હદુ અલ્લાઈલાહ ઈલ્લલ્લાહ** કહે છે તો કહે છે કે, "હે મુહમ્મદ ﷺની ઉમ્મત ! મેં તેને તથા તેના ફરિશ્તાઓને ગવાહ બનાવ્યા છે કે મેં નમાઝના સમયની તમને ખબર આપી કે એનાથી વધીને કોઈ ખબર નથી." અને જ્યારે **અશ્હદુઅન્ન મુહમ્મદર્રસૂલુલ્લાહ** કહે છે તો કહે છે કે, "હું એ વાતની ગવાહી આપુ છું કે મુહમ્મદ ﷺ ખુદાના મોકલેલા છે." અને જ્યારે **હય્ય અલસ્સલાત** કહે

છે તો કહે છે કે, "મેં દીન તમારી સમક્ષ જાહેર કર્યો અને ખુદા તથા ખુદાના રસૂલનો હુકમ માનો કે જેથી ખુદા તઆલા તમારા સર્વ ગુનાહો બખ્શી આપે કેમ કે નમાઝ દીનનો સ્તંભ છે." અને જ્યારે **હય્ય અલલ ફલાહ** કહે છે તો કહે છે કે, "હે ઉમ્મતે મુહમ્મદ ! ﷺ તમારા માટે રહમતના દરવાજા ખોલી આપવામાં આવ્યા છે, ઉઠો ! અને પોતાનો હિસ્સો લો ! કેમ કે તમારા માટે દુનિયા તથા આખેરતમાં જન્નત છે." અને જ્યારે ફરી **અલ્લાહુ અકબર ! અલ્લાહુ અકબર !** કહે છે તો એ કહે છે કે, "ખુદાની રહમત અને ખુદાને મેં તમારા ગવાહ બનાવ્યા છે, હે મુહમ્મદ ﷺની ઉમ્મત ! નમાઝમાં હાજર થાવ અને દુનિયાવી કામોથી અલગ થઈ જાવ, મેં તમારા સમક્ષ જાહેર કરી આપ્યું. અને ખુદા તથા ખુદાના રસૂલ ﷺનો હુકમ માનો અને નમાઝ અદા કરો જેથી ખુદાવંદે તઆલા તમારા સર્વ ગુનાહો બખ્શી આપે. અને યાદ રાખશો કે કોઈ અમલ નમાઝથી વધીને નથી. જે શખ્સ નમાઝ અદા નથી કરતો તે પસ્તાવો પામે છે." અને જ્યારે **લાઈલાહ ઈલ્લલ્લાહ** કહે છે તો કહે છે કે, "જાણી લો કે સાતેવ આસ્માન અને જમીનોની અમાનત તમારી ગરદન પર છે, જે શખ્સ કબૂલ કરી લે છે અને હાથ પગો મારે છે તે છૂટકારો (નજાત) પામે છે."

પછી ફર્માવ્યું કે બગદાદમાં એક બુઝુર્ગે કહ્યું, અઝાન કહેનારને કબૂલ કરવું ગુનાહોનો કફ્ફારો છે અને જે મસ્જિદમાં ખુદા તથા ખુદાના રસૂલ ﷺની ઈતાઅત કરે છે તે સિદ્દીકો તથા શહીદોની સાથે જન્નતમાં જાય છે, હઝરત દાઊદ عليه السلامનો સાથી બને છે.

પછી ફર્માવ્યું કે ખ્વાજા જુનૈદ બગદાદી رحمة الله عليهના ઉમદામાં લખ્યું છે કે મોઅઝ્ઝિનની ઈજાબત કરવી કયામતના દિવસે





ખલ્કતની શફાઅત છે, જેથી જે શખ્સ અઝાન સાંભળે અને ઈમામની પાછળ જમાઅતથી નમાઝ અદા કરે તો દરેક રકાતના બદલે ત્રણસો રકાતનો સવાબ મળે છે, અને દરેક રકાતના બદલે જન્નતમાં એના માટે શહેર બનાવે છે.

પછી ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺ પાંચ પ્રકારના લોકો પર રાજી નથી. પ્રથમ તે લોકો જેઓ જુમ્આની નમાઝ કઝા કરે છે. બીજા, જેઓ આઝાદ કરેલા ગુલામોને વેચે છે. ત્રીજા તે જેઓ પડોશીઓને સતાવે છે. ચોથા તે જેઓ કોઈની પાસેથી નાહક્ક કોઈની ચીજ છીનવી લે છે. પાંચમાં તેઓ જે પોતાના ઘરવાળાંઓ પર જુલ્મ કરે છે.

પછી ફર્માવ્યું, જે શખ્સ મોઅઝ્ઝિનની ઈજાબત કરે છે, ફરિશ્તા તેના માટે માફીના તલબગાર થાય છે અને સલામ મોકલે છે, અને તે નજાત પામે છે અને વિના હિસાબે જન્નતમાં જાય છે.

પછી ફર્માવ્યું, હે દરવેશ ! એ રીતે તકબીર કહેવી જેવી કે મેં કહી છે કે ખુદા તમારાં બંનેવ ભવાના દરમ્યાનમાં છે, અને મકામ તમારા સીના સામે છે. વળી તમે યાદ રાખશો ખુદાવંદે તઆલા તમને જોઈ રહ્યો છે અને બંને પગો પુલસિરાત પર છે અને જન્નત જમણી બાજુ છે અને દોઝખ ડાબી બાજુ છે. જોઈએ કે તું **અલ્લાહુ અકબર** કહે અને ફિકર સાથે કુર્આન શરીફ પઢે. અને આજિઝીની સાથે રુકૂઅ કરે અને મિસ્કીન સાથે સિજદો કરે પછી બેસીને અત્તહિય્યાત પઢે તો ફરિશ્તા તારા માટે માફી માગનારા થશે ત્યાં સુધી કે સલામ કહે.

## હલાલ ખાવા તથા કુર્આન શરીફ પઢવા વિશે

પછી ફર્માવ્યું કે, **ખાવા હલાલ ખાવ અને હલાલની કમાઈનું**

**કપડુ પહેરો અને તૌબા કરો અને હરામ કમાઈનુ કપડુ ન પહેરો. જ્યારે એવું કરશો તો જન્નતના સાતેવ દરવાજાઓમાંથી એક દરવાજો તમારા માટે ખોલી દેવામાં આવશે અને તમારી નમાઝને ક઼બૂલ કરી લેવામાં આવશે.**

પછી ફર્માવ્યું કે કુર્આન શરીફને વારંવાર પઢવું જોઈએ એ પણ ગુનાહોનો કફ્ફારો છે અને દોઝખની આગના સામે આડરૂપ છે. અને **જે શખ્સ કુર્આન પઢવામાં મશગૂલ થાય છે તો ખુદાવંદે તઆલા જન્નતના દરવાજા તેના માટે ખોલી આપે છે** અને દરેક ખૌફના બદલે જે તે પઢે છે તેના લીધે ખુદાવંદે તઆલા એક ફરિશ્તો પેદા કરે છે જે ક઼યામત સુધી તસ્બીહ પઢે છે. અને કોઈ શખ્સ ખુદાની આટલી નિક્ટતામાં નથી જેટલો તે શખ્સ છે જે ઈલ્મ શીખે અને વારંવાર કુર્આન પઢે.

પછી ફર્માવ્યું કે તમારા પર લાઝિમ છે કે કુર્આન શરીફ પઢો અને શીખો. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું છે કે જે શખ્સ કુર્આન શરીફની એક આયત પઢે છે તે નેકીથી અનંતગણી બેહતર છે. અને જે વખતે મૃત્યુ પામે છે અને કુર્આન શરીફ પઢવાની દોસ્તી એના દિલમાં હોય છે તો ફરિશ્તાના કાનમાં નેકીના સ્વરૂપમાં આવે છે અને ફરિશ્તા જન્નતમાંથી એક નારંગી લાવે છે અને કહે છે કે પઢો ! તે શખ્સ કહે છે કે મેં દુનિયામાં નથી પઢયું. પછી તે કહે છે કે પઢ ! આ નારંગી ખુદાવંદે તઆલાએ તારા માટે તોહફારૂપે મોકલી છે. પછી તે બંદો શરૂથી લઈને છેવટ સુધી કુર્આન શરીફ પઢે છે. તો ફરિશ્તા કહે છે કે તને ક઼બ્ર તથા ક઼યામતનો અઝાબ થશે નહીં, અને તું પયગંબરોનો પડોશી થઈશ.

જેવા કે ખ્વાજા (ઉષ્માની હારૂની) સાહબે પોતાના ફવાઈદ ખત્મ કર્યા તો યાદે ઈલાહીમાં મશ્ગૂલ થઈ ગયા અને લોકો તથા





દુઆગો પાછા ચાલ્યા ગયા. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ

*(મજલિસ-૨૦)*

## મો'મિન તથા પડોશી વિશે

મો'મિનના બારામાં ચર્ચા ચાલી તો આપે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે મો'મિન તે શખ્સ છે જે ત્રણ ચીજોને પ્રિય રાખે છે : (૧) મૌત (૨) દરવેશી (૩) ફાતિહા. તો જે શખ્સ આ ત્રણ ચીજો પ્રિય રાખે છે તેને ફરિશ્તા ચાહે છે અને તેનો બદલો જન્નત હોય છે.

પછી ફર્માવ્યું કે ખુદાવંદે તઆલા દરવેશોને દોસ્ત રાખે છે અને ખુદાવંદે તઆલાના દોસ્ત હોય છે.

પછી ફર્માવ્યું કે અનસ બિન માલિક رضی اللہ عنہ ફર્માવે છે કે જે શખ્સની પાસે આઠ હજાર દિરહમ હોય તે દૌલતમંદ હોય છે. જેની પાસે એનાથી ઓછા હોય તે દરવેશ છે અને જેની પાસે એમાંથી કાંઈપણ ન હોય તે રાત દિવસ શુક્ર બજાવી લાવે તો પયગંબર ઐયૂબ علیہ السلامનો કુર્બ પામશે.

પછી ફર્માવ્યું કે મેં ખ્વાજા મૌદૂદ ચિશ્તી رحمۃ اللہ علیہની ઝબાની સાંભળ્યું છે કે ખુદાવંદે તઆલા ત્રણ ગિરોહની પ્રતિ રહમતની નજરે જુએ છે અને તે લોકો અર્શની નીચે હશે. પ્રથમ તેઓ જે હમેશાં યાદે ઈલાહીમાં ધ્યાન કરતા હશે. બીજા તે લોકો જેઓ પડોશીઓ તથા પોતાની સ્ત્રીઓને ખુશ રાખે. ત્રીજા તેઓ જે દરવેશો તથા આજિઝોને ખાવા ખવડાવે છે.

પછી ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે સૌથી અફઝલ નમાઝ, અને બીજા દરજા પર સદક઼ો અને ત્રીજા દરજા પર કુર્આન શરીફ પઢવું. તો જે શખ્સ આ ત્રણેવને બજાવી લાવવામાં કોશિશ

કરે છે તે મારી ઉમ્મતથી છે અને જન્નતમાં જશે.

પછી ફર્માવ્યું કે અમીરુલ મો'મિનીન હઝરત અલી كرم الله تعالىٰ وجهه الكريم એ ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺએ પડોશીના બાબતે એટલા પ્રમાણે વર્ણન કર્યું કે મને ગુમાન પેદા થયું અને મેં પૂછયું કે યા રસૂલલ્લાહ ! ﷺ શું પડોશીના ઈન્તેકાલ બાદ તેના વારસાના પડોશી માલિક થઈ શકે છે કે નહીં ? આં હઝરત ﷺએ ફર્માવ્યું, હા ! બની શકે છે, જો કોઈ વારસ ન હોય તો.

પછી ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જે શખ્સ પડોશીની સાથે શક્ય ત્યાં સુધી મહેરબાનીથી વર્તે તો ઈન્શાઅલ્લાહ ! કયામતના દિવસે મારી સાથે હશે અને જન્નતમાં જશે.

જેવા કે ખ્વાજા (ઉષ્માની હારૂની) સાહબે પોતાના ફવાઈદ ખત્મ કર્યા તો યાદે ઈલાહીમાં મશ્ગૂલ થઈ ગયા અને લોકો તથા દુઆગો પાછા ચાલ્યા ગયા. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ

*(મજલિસ : ૨૧)*

## મો'મિનની મદદમાં ખુદાની રઝામંદી

હાજત રવાઈ (કોઈની હાજત પૂરી કરવા)ના બારામાં ચર્ચા ચાલી તો આપે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે **એ મો'મિનથી ખુદા તઆલા ખુશ થાય છે જે મો'મિનની જરૂરતને પૂર્ણ કરે છે**, અને જન્નતમાં એનુ ઠેકાણુ હોય છે. અને ફર્માવ્યું કે **જે શખ્સ મો'મિનની ઈજ્જત કરે છે તેની જગા જન્નતમાં હોય છે અને ખુદાવંદે તઆલા તેના સર્વ ગુનાહોને માફ કરી આપે છે.** જો બંદો કોઈનું પગરખુ (જોડા) સીધુ કરે અથવા મુસસલમાનના પગેથી કાંટો કાઢે તો ખુદા તઆલા તેને સિદ્દીકો





તથા શહીદોમાં ગણના કરે છે.

પછી ફર્માવ્યું કે મશાઈખ તથા અવલિયાના તબકાએ ફર્માવ્યું છે કે જો કોઈ શખ્સ દુરૂદોના વિર્દમાં કે બંદગીમાં વ્યસ્ત હોય અને કોઈ જરૂતમંદ આવે અને તેને મળવા માગે તો તેને માટે લાઝિમ છે કે સર્વ કામ છોડીને તેના કામમાં વ્યસ્ત થઈ જાય. અને જેટલા પ્રમાણમાં શક્તિ હોય તેમાં કોશિશ કરે અને રસૂલુલ્લાહ ﷺથી હદીષમાં છે કે **જે શખ્સ પોતાના મો'મિનભાઈની હાજત પૂરી કરે છે ખુદા તઆલા તેની દુનિયા તથા આખેરતની હાજતોને પૂર્ણ કરે છે અને કયામતના દિવસે જન્નતમાં જશે, હઝરત આદમ** عليه السلام**નો જન્નતમાં પડોશી થશે.**

જેવા કે ખ્વાજા (ઉષ્માની હારૂની) સાહબે પોતાના ફવાઈદ ખત્મ કર્યા તો યાદે ઈલાહીમાં મશ્ગૂલ થઈ ગયા અને લોકો તથા દુઆગો પાછા ચાલ્યા ગયા. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ

*(મજલિસ–૨૨)*

## ઈલ્મ, ઈમાન, ઈસ્લામના પ્રકારો

આખરી જમાનાના બારામાં ચર્ચા શરૂ થઈ તો આપે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺથી હદીષમાં છે કે, "જયારે આખરી જમાનો આવશે તો આલિમોને ચોરોની જેમ મારશે અને આલિમોને મુનાફિક કહેશે અને મુનાફિકોને આલિમ કહશે."

પછી ફર્માવ્યું કે જે શખ્સ ઈલ્મ શીખે છે એનું નામ અવલિયાના આસ્માન પર લેવામાં આવે છે. પછી ફર્માવ્યું કે ઈબ્ને અબ્બાસ رضي الله عنهماથી રિવાયત છે કે કુફ્ર, ઈમાન, ઈસ્લામ, નિફાક તથા ઈલ્મમાંથી દરેકના બે પ્રકાર છે. કુફ્રના બે પ્રકાર છે, પ્રથમ તે કુફ્ર જે ખુદાવંદે તઆલાની નેઅમતોનો કરવામાં આવે છે, દા.ત.

નમાઝ જમાઅત સાથે અદા ન કરવી, બીમારીઓને જોવું અને મુસલમાનોને ફાયદો ન પહોંચાડવું, આ સર્વ વાતોના સબબે ઈમાનથી ખારિજ નથી થતો. બીજુ કુફ્ર એ છે કે મુસલમાનીથી ફરી જવું અને ફર્ઝ વાતોનો ઈન્કાર કરવું, એના સબબે માણસ ઈમાનથી ખારિજ થઈ જાય છે.

ઈમાનના બે પ્રકાર છે : એક મુનાફિક઼ોનું ઈમાન હોય છે જેઓ જીભ વડે સ્વીકાર કરે છે અને દિલમાં શક ધરાવે છે. આ મુનાફિક઼ોનું કામ છે. પણ બીજા પ્રકારનું ઈમાન ખાસ મો'મિન લોકોનું કે જેઓ જીભ તથા દિલથી સમર્થન કરે છે. એ ઈમાન નેકોકાર આદમી સિવાય કોઈની કિ઼સ્મતમાં નથી હોતું.

અને ઈસ્લામના બે પ્રકાર આ છે : એક એ કે જ્યારે ખુદાવંદે તઆલાની ઈબાદતમાં મશ્ગૂલ હોય તો શક ન કરે. અને જ્યારે એની સમક્ષ સિજદો કરે તો દિલ તથા ઝબાનથી એક જ જાણે, તો આ પાકીઝા ઈસ્લામ છે. બીજો ઈસ્લામ એ છે કે જીભ વડે કહે કે હું મુસલમાન છું અને દિલ કુફ્ર રાખે અને એ વાતનો ડર ન કરે કે દીનનો શો હાલ થશે અને કેવી શર્મિંદગી ઉઠાવવી પડશે. જ્યારે જે કાંઈ દિલમાં હોય તે જ જીભ વડે કહે અને લોકો દરમ્યાન લા ઈલાહ ઈલ્લલ્લાહની શહાદતથી જિંદગી બસર કરે તો એવો શખ્સ દોઝખથી બચી જશે.

અને નિફાક઼ના બે પ્રકાર આ પ્રમાણે છે : પ્રથમ એ કે બંદો હલાલ તથા હરામ અને અમરો નેહી (જે કરવાનો હુકમ થયો અને જેનાથી રોકવામાં આવ્યા)નો ઈક઼રાર કરે અને પછી ગુનાહમાં મશ્ગૂલ થઈ જાય અને બુરાઈ કરે અને ખુદા તઆલાથી ડરે અને તૌબાની ઉમ્મીદ રાખે અને ઉમ્મીદ કરે કે ખુદા તેને બદ્કાર જાણે છે. બીજો નિફાક઼ એ છે કે જીભ વડે હલાલ તથા હરામ અને





અમરો નેહીનો સ્વીકાર કરે અને દિલમાં ખયાલ કરે કે નમાઝ રોઝા તથા ઝકાત એ અમલ છે જો કરીશ તો તેનો સવાબ મળી જશે, એ નિફાક઼ છે, તેનો બદલો દોઝખની આગ છે.

અને ઈલ્મના બે પ્રકાર આ પ્રમાણે છે : **એક** ખાસ ખુદાના માટે ઈલ્મ હાંસલ કરવો અને **બીજો** સામાન્ય ઈલ્મ મેળવવો. **જે શખ્સ ઈલ્મનો એક કલમો સાંભળે એ એનાથી બેહતર છે કે એક સાલ ઈબાદત કરે.** અને જે શખ્સ એવી જગાએ બેસે છે જ્યાં ઈલ્મની ચર્ચા થાય છે તેનો સવાબ ગુલામ આઝાદ કરવા બરાબર હોય છે. અને ઈલ્મ આંધળા માટે રોશની સમાન, અને જન્નત પ્રતિ દોરનાર છે અને અલ્લાહ ﷻ ઈલ્મને દુનિયા તથા આખેરતમાં બર્બાદ નથી કરતો.

અને અમલના બે પ્રકાર છે : **પ્રથમ** જે ખુદાના માટે કરવામાં આવે, એ ખાસ છે. **બીજો** જે લોકોને દેખાડવા માટે કરવામાં આવે, તેનો બદલો નથી મળતો. અને એવું કરવું સારું નથી.

જેવા કે ખ્વાજા (ઉષ્માની હારૂની) સાહબે પોતાના ફવાઈદ ખત્મ કર્યા તો યાદે ઈલાહીમાં મશ્ગૂલ થઈ ગયા અને લોકો તથા દુઆગો પાછા ચાલ્યા ગયા. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ

***(મજલિસ-૨૩)***

## મૌતને તથા નબીઓને યાદ કરવાની ફઝીલત

મૌતને યાદ કરવા સંબંધે ચર્ચા શરૂ થઈ તો આપે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺથી હદીષમાં છે કે **મૌતને યાદ કરવું દિવસ રાતના ક઼યામ તથા ફાઝિલ (નફ્લી) ઈબાદતથી બેહતર છે.**

પછી ફર્માવ્યું કે ઝાહિદોમાં સૌથી સારો ઝાહિદ તે છે **જે મૌતને**

**યાદ રાખે અને હમેશાં મૌતના ચર્ચામાં રહે, એવો ઝાહિદ પોતાની કબ્રમાં જન્નતનો બગીચો જોશે.**

પછી ફર્માવ્યું કે નબીઓમાંથી જે હઝરત આદમ عليه السلام ને યાદ કરે અને "સલવાતુલ્લાહ" ત્રણ વાર કહે તેના **તમામ ગુનાહ ખુદા બખ્શી આપશે,** ભલે તેના ગુનાહો દરિયાથી પણ વધુ હોય, અને તેમના પડોશમાં હશે. અને જે હઝરત દાઊદ عليه السلام ને યાદ કરે અને ત્રણવાર "સલવાતુલ્લાહિ અલૈહ" કહે તે જન્નતના જે દરવાજેથી ચાહે પ્રવેશી જાય. ફર્માવ્યું કે **નબીઓને યાદ કરવા પર ખુદાવંદે તઆલા તેના પર દોઝખની આગ હરામ કરશે.**

જેવા કે ખ્વાજા (ઉષ્માન હારૂની) સાહબે પોતાના ફવાઈદ ખત્મ કર્યા તો યાદે ઈલાહીમાં મશ્ગૂલ થઈ ગયા અને લોકો તથા દુઆગો પાછા ચાલ્યા ગયા. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ

*(મજલિસ-૨૪)*

## મસ્જિદમાં રોશની કરવાની ફઝીલત

મસ્જિદમાં ચિરાગ મોકલવાના બારામાં ચર્ચા ચાલી તો આપે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે અમીરુલ મો'મિનીન હઝરત અલી كرم الله تعالى وجهه الكريم એ ફર્માવ્યું કે **જે શખ્સ એક રાત મસ્જિદમાં ચિરાગ મોકલશે (રોશની કરશે) તેના એક વરસના ગુનાહ માફ કરવામાં આવે છે અને એક વરસની નેકીઓ તેના આમાલનામામાં લખવામાં આવે છે અને જન્નતમાં તેના માટે એક શહેર બનાવવામાં આવે છે.** અને જે શખ્સ **એક મહિના સુધી સતત મસ્જિદમાં ચિરાગ મોકલશે (લાઈટનો બંદોબસ્ત કરશે)** તો ખુદા તઆલાની તરફથી તેના માટે





**જન્નતના સર્વ દરવાજાઓ ખુલી જાય છે,** જે દરવાજેથી ચાહે એમાં પ્રવેશી જાય. અને દુનિયાથી ઈન્તેકાલ કરતા પહેલાં જ તે પોતાની જગા જન્નતમાં જોઈ લે છે અને જન્નતમાં પયગંબર صلى الله عليه وسلم નો રફીક છે.

પછી ફર્માવ્યું કે મેં ખ્વાજા યૂસુફ ચિશ્તી رحمة الله عليه ની ઝબાન મુબારકથી સાંભળ્યું કે જે શખ્સ મસ્જિદમાં ચિરાગ મોકલે છે અને **જે વખતે મસ્જિદમાં તેની રોશની ફેલાય છે તો અર્શ ઉઠાવનારા સર્વ ફરિશ્તા તેના માટે બખ્શિશ તલબ કરે છે.**

જેવા કે ખ્વાજા (ઉષ્માન હારૂની) સાહબે પોતાના ફવાઈદ ખત્મ કર્યા તો યાદે ઈલાહીમાં મશ્ગૂલ થઈ ગયા અને લોકો તથા દુઆગો પાછા ચાલ્યા ગયા. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ

*(મજલિસ-૨૫)*

## દરવેશને ખવડાવવા વિશે

દરવેશોના બારામાં ચર્ચા ચાલી તો આપે ઝબાન મુબારકથી ફર્માવ્યું, રસૂલુલ્લાહ صلى الله عليه وسلم થી હદીષમાં છે કે જે શખ્સ દરવેશોને ખાવા ખવડાવે છે તે તમામ ગુનાહોથી પાક થઈ જાય છે.

પછી ફર્માવ્યું કે ત્રણ પ્રકારના લોકો જન્નતની તરફ આવશે નહીં : **૧.** જૂઠુ બોલનારો દરવેશ **૨.** બખીલ માલદાર **૩.** ખયાનત કરનાર વેપારી. કેમ કે એ ત્રણેવને સખત અઝાબ થશે. તો પછી **જ્યારે દરવેશ જૂઠો, માલદાર કંજૂસ થઈ જાય અને વેપારી ખયાનતવાળો થઈ જાય તો ખુદા તઆલા દુનિયાથી બરકત ઉઠાવી લેશે.**

પછી ફર્માવ્યું કે **જે શખ્સ દિવસ રાતમાં દરેક નમાઝ બાદ**

**"સૂરએ યાસીન" તથા "આયતુલ કુર્સી" એકવાર અને "કુલ્હુવલ્લાહ" ત્રણવાર પઢે તો ખુદા તઆલા તેના માલ તથા તેની ઉમરમાં વધારો કરે છે અને તેને કયામતના મીઝાન અને પુલસિરાતના હિસાબમાં આસાની થાય છે.**

જેવા કે ખ્વાજા (ઉષ્માની હારૂની) સાહબે પોતાના ફવાઈદ ખત્મ કર્યા તો યાદે ઈલાહીમાં મશ્ગૂલ થઈ ગયા અને લોકો તથા દુઆગો પાછા ચાલ્યા ગયા. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰی ذٰلِكَ

***(મજલિસ-૨૬)***

## ઘમંડમાં લાંબા પાયાચા રાખનારાને ચેતવણી

શલવાર (લેંગા, પાયજામા)ના પાયચા લાંબા કરવા વિશે આપે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે અમીરુલ મો'મિનીન હઝરત અલી كرم الله وجهه الكريم થી રિવાયત છે કે પયગંબર ﷺએ ફર્માવ્યું કે **શલ્વાર (લેંગા વગેરે)ના પાયચા લાંબા કરવા મુનાફિકોની નિશાની** છે અને જે શખ્સ શલ્વારના પાયચા લાંબા કરે છે અને પગોના નીચે સુધી લટકાવે છે તો એવો શખ્સ ખુદા વ રસૂલનો નાફર્માબરદાર હોય છે.

પછી ફર્માવ્યું કે જે શખ્સ શલ્વારના પાયચાને એટલા પ્રમાણમાં લાંબા કરે કે તે પગોની નીચે સુધી લટકે તો દરેક કદમ પર જમીનના તથા આસ્માનના ફરિશ્તા તેના પર લઅનત કરે છે અને તેના શરીરના દરેક વાળના બદલામાં દોઝખમાં તેના માટે એક મકાન તૈયાર થાય છે. અને જે આસ્તીન લાંબી કરે છે તે લઅનતી હોય છે.

પછી ફર્માવ્યું કે બે ગિરોહો પર હમેશાં ખુદાની લઅનત થાય





છે : (૧) લાંબી આસ્તીન (બાંય) પહેરનાર (૨) લાંબા પાયચાવાળી શલ્વાર પહેરનાર. તેના નામ પર દોઝખમાં સાત મકાન તૈયાર થાય છે. પછી ફર્માવ્યું કે શરીર પર કપડુ પહેરવામાં ફુઝૂલખર્ચી ન કરો કેમ કે પયગંબરે ઈસ્લામ ﷺએ મુડદાના શરીર પર કફન વધારે કરવાનું મના ફર્માવ્યું છે અને બે ચીજોના લીધે અઝાબ થશે : (૧) કફનનો વધારો અને (૨) પાયચા લાંબા કરવાથી. *(**નોંધ** : પહેલાંના જમાનામાં ઘમંડમાં તેહબંદ ઘસડાતુ પહેરતા હતા જેથી જે ઘમંડના કારણે મોટાઈ બતાવવા લાંબા પાયચા, ઘસડાતા પાયચા રાખશે તેને માટે આ ચેતવણી છે તથા એમાં ફુઝૂલખર્ચી થવાને કારણે પણ ચેતવણી છે, તો આ બાબતોથી જેઓ એવું કરતા હોય તેઓ બચે. –અનુવાદક)*

જેવા કે ખ્વાજા (ઉષ્માની હારૂની) સાહબે પોતાના ફવાઈદ ખત્મ કર્યા તો યાદે ઈલાહીમાં મશ્ગૂલ થઈ ગયા અને લોકો તથા દુઆગો પાછા ચાલ્યા ગયા. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰی ذٰلِكَ

***(મજલિસ-૨૭)***

## આખર જમાનામાં આલિમની હાલત

આલિમોનું વર્ણન કરતાં આપે ફર્માવ્યું કે હદીષમાં છે કે જ્યારે આખર જમાનો આવશે તો અમીર જબરદસ્ત થઈ જશે અને આલિમ રોજી કમાવા માટે મહેનત મજૂરી કરશે અને દુનિયામાં ફસાદ (હંગામા) ફેલાય જશે અને જમીનો તથા પહાડોમાં તેમના માટે એશ તંગ થઈ જશે.

પછી ફર્માવ્યું કે અમીર લોકો જબરદસ્ત થઈ જશે અને આલિમ લોકો આજિઝ, પછી ખુદા તઆલા મખ્લૂકથી પોતાની બરકત ઉઠાડી લેશે અને શહેરો વેરાન થઈ જશે અને દીનમાં ફસાદ

ઉપસ્થિત થશે. તો તમે યાદ રાખશો કે તે લોકો દોઝખવાળા છે. (નઊઝુબિલ્લાહિ મિન્હા)

પછી સદકાના બારામાં આપે ફર્માવ્યું કે એવા શખ્સને સદકો આપો જે દરવેશોને મહેમાન રાખતો હોય, એમાં દસગણો સવાબ મળે છે. જેથી ઈન્સાનના માટે લાઝિમ છે કે સદકો એવી રીતે આપે કે ખુદા તઆલા ખુશ થાય.

જેવા કે ખ્વાજા (ઉષ્માની હારૂની) સાહબે પોતાના ફવાઈદ ખત્મ કર્યા તો યાદે ઈલાહીમાં મશ્ગૂલ થઈ ગયા અને લોકો તથા દુઆગો પાછા ચાલ્યા ગયા. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ

***(મજલિસ–૨૮)***

## તૌબા વિશે ચર્ચા

તૌબાનું વર્ણન કરતાં આપે ફર્માવ્યું કે કુર્આન શરીફમાં અલ્લાહનો હુકમ આ પ્રમાણે છે :–

يَآاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا تُوْبُوْا اِلَى اللّٰهِ تَوْبَةً نَّصُوْحًا

"હે ઈમાનવાળાઓ ! તૌબા કરો ! અને ખુદાની તરફ પાછા આવો કે ખુદા તૌબા કબૂલ કરવાવાળો છે."

પછી ફર્માવ્યું કે મેં હદીકામાં લખેલુ જોયું છે કે મુસલમાનના માટે તૌબા કરવી ફર્ઝ છે.

પછી ફર્માવ્યું કે જ્યારે હઝરત આદમ عليه السلام દુનિયામાં આવ્યા તો બારગાહે ઈલાહીમાં અર્ઝ કરી કે હે ખુદાવંદ ! તેં શૈતાનને મારા પર મુકર્રર કર્યો છે અને મારામાં એ શક્તિ નથી કે એને મના કરી શકુ પણ તારી તૌફીકથી તો હુકમ આવ્યો કે જ્યારે હું તને અને તારી ઔલાદને મહેફૂઝ રાખીશ તો તે હરગિઝ કાબૂ





પામી શક્શે નહીં.

પછી આદમ عليه السلامએ અર્ઝ કરી કે હે ખુદાવંદે તઆલા ! અધિક ખુલાસો કર ! અવાજ આવ્યો કે હે આદમ ! મેં તૌબા ફર્ઝ કરી આપી જ્યાં સુધી મખ્લૂક આ જહાનમાં છે, જ્યારે તારા ફરઝંદ તૌબા કરશે તો હું તેમની તૌબા કબૂલ કરીશ. પછી ફર્માવ્યું કે મૃત્યુ પહેલાં તમે તૌબા કરી લો, નહીં તો પાછળથી અફસોસ કરવામાં કાંઈ ફાયદો થશે નહીં.

પછી ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺથી હદીષમાં છે કે ખુદાવંદે તઆલાએ પશ્ચિમની તરફ રાતની તૌબા કબૂલ કરવા માટે એક દરવાજો બનાવ્યો છે જેની વિશાળતા સિત્તેર વરસના અંતરના બરાબર છે.

પછી ફર્માવ્યું કે તૌબા બે પ્રકારની છે : એક તૌબા નસૂહી કે એના પછી માણસ ગુનાહ નજીક ન ફરકે. અને બીજા તૌબા એ છે કે દિવસ રાત તૌબા કરે અને તોડી કાઢે, અને આવી તૌબા સારી નથી.

પછી ફર્માવ્યું કે હે મુઈનુદ્દીન ! મેં તારી કમાલિયતના માટે આ વાતો પ્રતિ પ્રોત્સાહન આપ્યું છે તો જે કાંઈ મેં કહ્યું છે તેના પર દિલોજાનથી  અમલ કરે જેથી કયામતમાં શર્મિંદો ન થાય.

પછી ફર્માવ્યું કે લાયક ફરઝંદ તે છે કે જે કાંઈ પોતાના પીરની જીભેથી સાંભળે તો હોશના કાનો વડે સાંભળે અને એમાં મશ્ગૂલ થઈ જાય અને તેના પર અમલ કરે.

પછી ફર્માવ્યું કે લાયક ફરઝંદ તે છે કે જે કાંઈ પોતાના પીરની જીભેથી સાંભળે તેને પોતાના શજરામાં લખી લે જેથી કરીને શર્મિંદો ન થાય.

જેવા કે ખ્વાજા ઉષ્માન હારૂની ادام الله بقاء આ વાત પર પહોંચ્યા, અસા (લાકડી) પાસે પડેલી હતી તે ઉઠાવી અને દુઆગોને અતા ફર્માવી અને ખિર્કા તથા લાકડીની ખરાવ (પગરખાં) અને મુસલ્લો અર્પણ કરીને ફર્માવ્યું કે આ સર્વ ચીજો અમારા પીરોની યાદગારો છે જે રસૂલુલ્લાહ ﷺથી અમારા સુધી પહોંચી છે તે અમે તમને આપી. મુનાસિબ છે કે જેવી રીતે અમે આ ચીજોને રાખી છે એવી જ રીતે તું પણ રાખે અને જે શખ્સને તું મર્દે ખુદા જાણે આ યાદગારો એને આપી દે. જ્યારે આવું ફર્માવી ચૂક્યા તો બંદા સાથે બગલગીર થઈને ફર્માવ્યું કે તને ખુદા તઆલાને સોંપ્યો. જેવું કે આવું ફર્માવ્યું તેવા આલમે તહય્યુરમાં મશ્ગૂલ થઈ ગયા.

જેવા કે ખ્વાજા (ઉષ્માની હારૂની) સાહબે પોતાના ફવાઈદ ખત્મ કર્યા તો યાદે ઈલાહીમાં મશ્ગૂલ થઈ ગયા અને લોકો તથા દુઆગો પાછા ચાલ્યા ગયા. اَلْحَمْدُ اللهِ عَلٰى ذٰلِكَ





યે હૈ ખ્વાજા કા હિંદુસ્તાન મેરે ખ્વાજા કા હિંદુસ્તાન
ઈસકે લિયે ગર વક્ત પળા તો દે દેંગે હમ જાન
યે હૈ ખ્વાજા કા હિંદુસ્તાન મેરે ખ્વાજા કા હિંદુસ્તાન
ઈસીમેં હમ સબ કી ઈઝ્ઝત ઔર હમારી શાન
યે હૈ ખ્વાજા કા હિંદુસ્તાન..........

ફઝ્લે ખુદા ઔર ફૈઝે નબી સે ક઼િલ–એ શિર્ક ઉખાળા થા
આકર ખ્વાજાને અજમેર પે દીન કા ઝંડા ગાળા થા
હિંદ કી ધરતી પર જિતને ભી દીન કે દુશ્મન રહતે થે
અલ્લાહૂ કા ઝર્બ લગાકર હર ઝાલિમ કો પછાળા થા
જિસને ભી દેખા આપકો ખ્વાજા લે આયા ઈમાન
યે હૈ ખ્વાજા કા હિંદુસ્તાન..........

યહીં પે ખ્વાજા સઈદ ફખ્રુદ્દીન હિશામુદ્દીન ભી હૈં
યહીં પે કુત્બુદ્દીન નિઝામુદ્દીન અલાઉદ્દીન ભી હૈં
યહીં પે શમ્સુદ્દીન અલ્તમશ યહીં નસીરુદ્દીન ભી હૈં
યહીં પે શર્ફુદ્દીન મુનીરી સૂફી હમીદુદ્દીન ભી હૈં
ઈન સબકી ચૌખટ સે બટતા હૈ જામે ઈરફાન
યે હૈ ખ્વાજા કા હિંદુસ્તાન..........

યહીં પે મસ્ઊદે ગાઝી ને અપને સર કો કટાયા હૈ
યહીં પે મખ્દૂમે અશરફ ને પરચમે હક્ક઼ લહરાયા હૈ
યહીં પે હાજી અલી વ હાજી મલંગો મખ્દૂમે માહિમ
વારિષ, મીના બાબા તાજુદ્દીન કા હમ પર સાયા હૈ
ઈન સબ કી અઝમત પે કરું મૈં તન, મન, ધન, કુર્બાન
યે હૈ ખ્વાજા કા હિંદુસ્તાન..........

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْکَرِیْم

## પ્રાસ્તાવિક વાત.......

**હો જાતા હૈ સોહબત કા અસર**
**આદમી કયા દરો દીવાર બદલ જાતે હૈં**

**★ સાચે જ આશિકે ખ્વાજા બનો ! ★**

બેશક ! નેક લોકોની સોહબત માણસને નેક બનાવે છે અને બુરા લોકોની સોહબત બુરો બનાવે છે. અને અલ્લાહના વલીઓની સોહબત માણસને ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَનો જાંનિષાર બનાવે છે બલ્કે વિલાયતની મંઝિલે પહોંચાડી આપે છે.

જો કે વર્તમાનકાળમાં સાચા વલીઓની સોહબત શોધવી તથા પામવી મુશ્કેલ છે પણ અવલિયાએ કિરામની કિતાબોનું વાંચન કરવું, તેમના આદેશોને દિલથી સાંભળવા એ તેમની સોહબતમાં બેસવા સમાન જ છે. **''હશ્ત બહિશ્ત''** કિતાબ જેમાં ''મલ્ફૂઝાતે ખ્વાજાગાને ચિશ્ત''નો અણમોલ સંગ્રહ છે જેની પહલી કડી **''અનીસુલ અરવાહ''** એ **હઝરત ખ્વાજા ઉષ્માન હારૂની** رحمة الله عليهના મલ્ફૂઝાત (કથનો) **હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી ગરીબ નવાઝ અજમેરી** رحمة الله عليهના સંપાદન હેઠળ રજૂ થયાં છે તેને વાંચો અને સમજો કે મુસલમાન કેવો હોવો જોઈએ અને એને જીવનમાં ઉતારીને સાચા પાકા મુસલમાન બનો !

વધુ ટાઈટલ નં. ૦૩..૫૨

ટાઈટલ નં. ૦૨ નું ચાલુ...

કેવળ **''ખ્વાજા કા દામન નહીં છોડેંગે !''**ના નારા મોઢેથી ન લગાડો ! બલ્કે સાથોસાથ આ ખ્વાજાઓનો દામન મજબૂતીથી પકડો એટલે કે તેમની ઈજ્જત તમારા દિલમાં છે તો તેમની વાતો પર અમલ કરો કે જે ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَના ફર્માનોને અનુરૂપ છે, તો જે તમે સાચા ખ્વાજા સાહબના ચાહક કહેવાશો, નહીં તો કેવળ પોલા દાવેદાર ગણાશો.

આજે ખ્વાજા ગરીબ નવાઝ رحمة الله عليهની મહોબ્બતમાં આશિકો અજમેર શરીફ હાજરી આપવા અચૂક પહોંચે છે પણ માર્ગમાં નમાઝો ધડાધડ છોડી આપે છે અને તેનો રંજ કે એહસાસ પણ કરતા નથી ! વળી અન્ય શરીઅત વિરુદ્ધ કામો પણ લોકો નિઃસંકોચ કરે છે, સુન્નતે રસૂલ દાઢી મુબારકને આરામથી સફાચટ કરાવે છે ! નાચગાન, ફિલ્મો, ગૈર મહરમ સ્ત્રીઓના ડાન્સ વગેરે...... શોખથી જુએ છે, એ ઉપરાંત ઘણા હરામ કામોમાં લોકો સપડાય છે, તો તેઓ સાચે જ ખ્વાજા સાહબના આશિક હોય તો આ કિતાબ વાંચે તથા એના પછી અન્ય ''મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત'' વાંચે અને એના પ્રમાણે જીવન શૈલી બનાવે એવી અપીલ છે.

રબ્બે કરીમ સૌને **''ખ્વાજગાને ચિશ્ત''**ના નક્શે કદમ પર ચાલવાની તૌફીક આપે અને સાચા અર્થમાં મુસલમાન બનાવે. આમીન બિજાહિન્નબી કરીમ صلى الله عليه وسلم.

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**
*(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

*તારીખ : ૨/૩/૨૦૧૨, વાર : જુમ્આ, ૮–રબીઉલ આખર, હિ.સ. ૧૪૩૩*